Published & Posted at AHD P.S.O. Set No.-1 on every Thursday,
Reg. No. GAMC-382/2024-2026 Valid up to 31 December-2026
Licence to post without prepayment No. PMG/NG/128/2024-2026 - Valid up to 31.12.2026

(૧)

# શાહીન
સાપ્તાહિક

Shaheen Gujarati WEEKLY

Vol No.: 52 • Issue No.: 41 • Date: 18-09-2025 • Thursday • Page-8 • Rs. 6.00 • Annual subs. 300=00

Place of Publication :- B/4, 4th Floor, Karishma Complex, 132 Ft. Ring Road, Sarni Society, Juhapura, Ahmedabad-380 055

ઘર ઘરની શાન સૌની માંગ
બિરયાની પુલાવ માટે સર્વશ્રેષ્ઠ
999
બ્રાન્ડ ચોખા હંમેશા વાપરો
શ્રી વિષ્ણુ ટ્રેડીંગ કાં.
Mobile : 9825581799, 9537627626
M/23, માધુપુરા માર્કેટ
શાહીબાગ રોડ, અમદાવાદ-૪.

પુલાવ તેમજ
બિરયાની માટે
ઉત્તમ અને સ્વાદિષ્ટ
ચોખા
999
બ્રાન્ડ
હંમેશા
યાદ રાખો

## ન્યાય ક્યારે મળશે, નામદાર?

● પ્રોફેસર એજાઝ અહમદ અસલમ

કાયદાની ધીમી ગતિ એક સ્વીકૃત વાસ્તવિકતા છે. પરંતુ કેટલાક લોકોને તો વિલંબિત ન્યાય પણ મળતો નથી; અને કેટલાક કમનસીબ લોકો મૃત્યુ સુધી ન્યાય મેળવી શકતા નથી. તાજેતરમાં વિલંબિત ન્યાય અને મૃત્યુ બાદ ન્યાયનો એક કિસ્સો સામે આવ્યો છે.

મુંબઈમાં ૨૦૦૬માં થયેલા ટ્રેન સીરિયલ બોમ્બ વિસ્ફોટોને યાદ કરો, જેમાં ૧૭૯ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા હતા. પોલીસના કહેવા મુજબ, ૧૨ પાકિસ્તાનીઓ મુંબઈ આવ્યા અને અસંખ્ય સ્થાનિક મુસ્લિમ યુવકો સાથે કાવતરું ઘડીને મુંબઈના નિર્દોષ નાગરિકોની હત્યાનો અત્યંત ઘૃણાસ્પદ અને જઘન્ય અપરાધ આચર્યો હતો. પોલીસના વર્ઝનમાં એક વિચિત્ર વાત એ છે કે આ વિદેશી આતંકવાદીઓ કોઈ નિશાન છોડ્યા વગર જ ગાયબ થઈ ગયા. પોલીસે એ વાતનો ખુલાસો નથી કર્યો કે આ ૧૨ પાકિસ્તાનીઓનું શું થયું (એમને જમીન ખાઈ ગઈ કે આકાશ ગળી ગયું?).

હંમેશની જેમ, સેંકડો મુસ્લિમ યુવકોની ધરપકડ કરવામાં આવી હતી. તેમાંથી ઘણાને ગંભીર રીતે ત્રાસ આપવામાં આવ્યો અને જે ગુનો તેમણે ક્યારેય કર્યો જ ન'હોતો તેમાં



'સંડોવાયેલા' હોવાની કબૂલાત કરવા દબાણ કરવામાં આવ્યું. ત્યારબાદ તેમાંથી કેટલાકને વાસ્તવિક ગુનેગારો તરીકે પસંદ કરવામાં આવ્યા.

લાંબા ટ્રાયલ બાદ સેશન્સ કોર્ટે પોતાનો ચુકાદો આપ્યો. છ આરોપીઓને મૃત્યુદંડ અને ૧૩ને આજીવન કેદની સજા ફટકારવામાં આવી. જેલમાં ૧૯ વર્ષોના લાંબા ગાળા પછી બોંબે હાઇ કોર્ટે આ કેસને ફગાવી દીધો, અને જાહેર કર્યું કે પુરાવા ખોટા હતા અને તમામ ૧૯ યુવકોને મુક્ત કર્યા. કોર્ટે જાહેર કર્યું કે આ ભયાનક ગુના માટે કોઈ પણ આરોપી જવાબદાર ન'હોતો. હવે સવાલ એ છે કે આ જઘન્ય અપરાધ માટે જવાબદાર વાસ્તવિક ગુનેગારો કોણ છે. મુંબઈ પોલીસે એ સમજાવવું જોઈએ કે તે વાસ્તવિક ગુનેગારોને કેમ પકડી શકી નથી. આપણે એવું તારણ કાઢવા મજબૂર છીએ કે પોલીસ જાણે છે કે વાસ્તવિક ગુનેગારો કોણ છે. પોલીસ વાસ્તવિક ગુનેગારો સુધી પહોંચી શકતી નથી એ અશક્ય છે.

નિર્દોષ લોકો કે જેમના પર ખોટા ગુનાનો આરોપ મૂકવામાં આવી રહ્યો છે તેવા કિસ્સાઓ સતત વધી રહ્યા છે. કાયદાકીય નિષ્ણાતો અને માનવ અધિકાર કાર્યકરોએ ખોટી રીતે ધરપકડ કરાયેલા અને ત્રાસ ગુજારવામાં આવેલા નિર્દોષ પીડિતો માટે વળતરની માંગ કરવી જોઈએ. તપાસ કરતી એજન્સીઓ અને કાયદા અમલીકરણ અધિકારીઓને ખોટા આરોપો માટે જવાબદાર ઠેરવવા જોઈએ.

અહેવાલો દર્શાવે છે કે એક નિર્દોષ આરોપી, જેની નિર્દોષતા અને બિન-સંડોવણીની હાઇ કોર્ટ દ્વારા પુષ્ટિ થઈ હતી, તે ટ્રાયલ દરમિયાન મૃત્યુ પામ્યો હતો. તેના પરિવારના સભ્યોએ ચુકાદો લીધો અને તે નિર્દોષ જાહેર કરાયેલા આરોપીની કબર પર જઈને વાંચી સંભળાવ્યો. શું આ ભારતમાં ન્યાય પ્રણાલી પર એક મજાક અથવા કટાક્ષ જેવું નથી લાગતું?

જેએનયુના વિદ્યાર્થી નેતા ઉમર ખાલિદ અને અન્ય આઠ સહ-આરોપીઓનો વધુ એક કેસ મીડિયા દ્વારા પ્રકાશિત કરવામાં આવી રહ્યો છે. બે મહિલા વિદ્યાર્થિનીઓ સહિત આ નવ યુવાનો લગભગ પાંચ વર્ષથી જેલમાં છે. ન્યાયિક પ્રણાલીનો સ્વીકૃત સિદ્ધાંત કે જામીન એ નિયમ છે અને જેલ અપવાદ છે, તેનું ખુલ્લેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે. આ કેસમાં, લગભગ પાંચ વર્ષ પછી પણ ચાર્જશીટ દાખલ કરવામાં આવી નથી. પ્રખ્યાત વકીલ કપિલ સિબ્બલનો દાવો છે કે જો આ કેસની નિષ્ઠાપૂર્વક સુનાવણી કરવામાં આવે, તો ઉત્તર-પૂર્વ દિલ્હીના સાંપ્રદાયિક રમખાણોના કાવતરામાં તમામ આરોપીઓની નિર્દોષતા સાબિત થશે અને તેઓને સન્માનપૂર્વક મુક્ત કરવામાં આવશે. શું આ ન્યાયની મજાક નથી કે આ કેસમાં ભારતની સુપ્રીમ કોર્ટે જામીન માટેની સુનાવણી ૧૨ કરતાં વધુ વખત મોકૂફ રાખી? મીડિયા આ કેસને મુસ્લિમ સમુદાયના યુવક-યુવતીઓ પ્રત્યેના પૂર્વગ્રહના ઉદાહરણ તરીકે લે છે. એ અત્યંત પીડાદાયક છે કે આપણી હાઇ કોર્ટ અને માનનીય સુપ્રીમ કોર્ટ પર પૂર્વગ્રહ અને અન્યાયનો આરોપ મૂકવામાં આવી રહ્યો છે.

ગૃહમંત્રી અમિત શાહ અને પોલીસ વિભાગ શું ઇચ્છે છે? આ કેસની કાર્યવાહી વિશ્વભરમાં પડઘા પાડી રહી છે. તાજેતરમાં જ 'ન્યૂયોર્ક ટાઇમ્સ'એ પણ આ કેસ વિશે એક વિગતવાર લેખ પ્રકાશિત કર્યો છે. ભૂતપૂર્વ સીજેઆઈ ડી.વાય. ચંદ્રચુડે તેમના કાર્યકાળ દરમિયાન ભારપૂર્વક જણાવ્યું હતું કે એક પણ નાગરિકના કિસ્સામાં અન્યાય થવો જોઈએ નહીં. ન્યાયતંત્ર અને કાનૂની સમુદાય જાગૃત થાય અને અન્યાયને રોકવા માટે પોતાની ફરજ બજાવે અને બંધારણની ભાવનાને જાળવી રાખે અને વિલંબ કર્યા વિના ન્યાય વિતરણના ઉચ્ચતમ ધોરણોનું સન્માન કરે.

મસા ભગંદર હરસ
ગુદા માર્ગના અન્ય રોગોનું ગુજરાતમાં પ્રથમવાર વીડીયો રેક્ટોસ્કોપ દ્વારા નિદર્શન અને સચોટ નિદાન
રેડિયો ફ્રિકવન્સી, લેસર, એનસીલર દ્વારા સારવાર
કટીંગ સેટોન દ્વારા ભગંદરનો સચોટ અને સંપૂર્ણ ઈલાજ
ડે-કેર દાખલ થવાની જરૂર નથી
ડો. એમ. સાદિક કાઝી (MBBS, M.S.) (કન્સલ્ટીંગ સર્જન)
ફોનઃ ૮૨૬૪૦૦૪૧૪૨, ૬૫૪૫૫૫૧૩
પેશન્ટ હાઉસ
નરોત્તમ ઝવેરી
હોલ સામે, પાલડી,
અહમદાબાદ

## અમીર, JIH દ્વારા ઇઝરાયલી હુમલાની તીવ્ર વખોડણી

### કતાર પર ઇઝરાયલનો હુમલો વિશ્વ-શાંતિ માટે ગંભીર ખતરો



નવી દિલ્હી : જમાઅતે ઇસ્લામી હિંદના અમીર (પ્રમુખ) સૈયદ સઆદતુલ્લાહ હુસૈનીએ કતાર પર ઇઝરાયલી હવાઈ હુમલાની કડક શબ્દોમાં વખોડણી કરી છે. મીડિયા માટે બહાર પડાયેલ પોતાના નિવેદનમાં જમાઅતના અમીરે કહ્યું કે જમાઅતે ઇસ્લામી હિંદ કતારના પાટનગર દોહામાં એક રહેણાંક ઇમારત પર ઇઝરાયલના બુઝદિલીભર્યા અને આપરાધિક હુમલા અંગે પોતાના અત્યંત તીવ્ર આક્રોષ વ્યક્ત કરે છે. આ ખુલ્લો આતંકવાદ છે. ઇઝરાયલનો આ હુમલો કતારની સ્વાયત્તતા, આંતરરાષ્ટ્રીય કાયદાઓ અને માનવ મૂલ્યોના તમામ સિદ્ધાંતોનું ગંભીર ઉલ્લંઘન છે. તેમણે કહ્યું કે આ હુમલો જાણી-જોઈને હમ્માસના એ આગેવાનો-અગ્રણીઓને લક્ષ્ય બનાવીને કરવામાં આવ્યો છે જેમની સાથે સમજૂતી કે શાંતિ-કરારની ચર્ચા-વિચારણા ચાલી રહી હતી. આ હુમલો ઇઝરાયલની ધોકેબાજી કે ફરેબના વલણને ઉઘાડું પાડે છે. એક હાથથી વાતચીત કે ચર્ચા અને બીજા હાથથી કત્લ તથા સંહાર કરે છે. આ એક એવો ફરેબ છે જે ફક્ત શાંતિના પ્રયાસોને નષ્ટ કરે છે એટલું જ નહીં, બલ્કે એલચીકીય પ્રક્રિયાની પણ મજાક ઉડાવે છે. તેમણે વધુમાં કહ્યું કે ઇઝરાયલે કેટલીય વખત આંતરરાષ્ટ્રીય સીમાઓ અને કાનૂની સિદ્ધાંતોને પોતાની આક્રમકતાથી કચડયા છે. કતાર પરનો આ હુમલો કોઈ અલગ ઘટના નથી બલ્કે વૈશ્વિક કાયદાઓની પાયમાલી અને ફલસ્તીનથી બહાર પણ યુદ્ધને વિસ્તારવાની ખતરનાક યોજનાનો ભાગ છે. આવા દરેક પગલાં સાથે ઇઝરાયલ આ પુરવાર કરે છે કે તે એક આક્રમણખોર રાજ્ય છે અને વિશ્વની શાંતિ માટે ગંભીર ખતરો છે. લગભગ છેલ્લા બે વર્ષોથી ઇઝરાયલે ગાઝા, લેબેનોન, સીરિયા, યમન, ઈરાન અને પશ્ચિમી કાંઠા ઉપર 'વંશોચ્છેદની ઝુંબેશ' ચાલુ રાખી છે. આ વંશોચ્છેદ નિર્દોષ માનવોની કત્લેઆમ કરી છે અને મધ્ય-પૂર્વને અસ્થિરતા ભણી ધકેલી દીધો છે. તેમણે કહ્યું કે કતાર એક નિષ્પક્ષ મધ્યસ્થીની ભૂમિકા ભજવી રહ્યો છે.

(અનુસંધાન બીજા પાને)






## નેપાળ, વૈશ્વિક દેશો માટે બોધપાઠ...

જે પેઢી વિશે એવું માનવામાં આવે છે કે, આ પેઢી હવે ટેકનોલોજી અને સોશિયલ મીડિયામાં જ રત છે તેને લોક-લાગણી કે સામાજિક ગિતિવિધિઓની કાંઈ જ પડી નથી અને તે કશું જ નહીં કરી શકે. એ જ પેઢીએ જ **Gen Z** જનરેશને નેપાલમાં સરકારને ધરાશાયી કરી દીધી છે, નેપાળના વડાપ્રધાન કે.પી. શર્મા ઓલીને મજબુર કરી દીધા રાજીનામુ આપવા માટે. જો કે, એ જુદી વાત છે કે, આ વિરોધ પ્રદર્શન વચ્ચે પૂર્વ વડાપ્રધાન ઝાલાનાથ ખાનલના પત્ની રાજયલક્ષ્મી ચિત્રાકારને જીવતા સળગાવી દેવામાં આવ્યા છે, નાણાંમંત્રી વિષ્ણુપ્રસાદ પાઉદલને દોડાવી દોડાવીને મારવામાં આવ્યા છે, ખુદ વડાપ્રધાનનું ઘર અને સંસદભવન બાળી દેવામાં આવ્યા છે. આવામાં અત્રે પ્રશ્ન એ પ્રસ્તુત થાય છે કે, આમાં ખરેખર કારણ શું છે કે, **Gen Z** સહિત લોકોનો ગુસ્સો આટલો તો વળી કેમ ભડક્યો કે, જેનાથી આટલી હદે વિરોધપ્રદર્શન ભભૂકી ઉઠ્યુ છે. શુ, માત્ર સોશિયલ મીડિયા પરનો પ્રતિબંધ જ છે કે, જેને મોટાભાગના (ગોદી) મીડિયા સમૂહો જવાબદાર માની રહ્યા છે, આ ભભૂકેલા ગુસ્સાની પાછળ? તો અહીં જવાબ છે, ના!!

આની પાછળના કારણો બહુ ઊંડા અને બીજા છે. વાત છે, અહીં ૮ સપ્ટેમ્બરની કે, જ્યારે મોટી સંખ્યામાં શાળા-કોલેજના વિદ્યાર્થીઓ "હામી-નેપાલ" નામની એક સામાજિક સંસ્થાની આગેવાનીમાં વિરોધપ્રદર્શનમાં ઉમટયા. એવામાં કેટલાક પ્રદર્શનકારીઓ સંસદભવન પટાંગણમાં પ્રવેશી ગયા જેમની પર લાઈવ બુલેટ સાથે માથા અને છાતીના ભાગે ફાયરિંગ કરવામાં આવ્યું જેમાં એક ૧૨ વર્ષના કિશોર સહિત ૧૯ પ્રદર્શનકારીઓના કરુણ મોત નિપજ્યા અને ૪૦૦થી વધારે લોકો ઘાયલ થયા. આ ઘટના દેશભરમાં પ્રસરી જાય છે. સીધી વાત છે કે, કોઈ પણ નાગરિક આ પ્રકારની તાનાશાહી અને ક્રુરતા સાંખી ન શકે અને તરત જ આ વિરોધ સમગ્ર દેશભરમાં કાઠમંડુ ઉપરાંત પોખરા, બુટવલ, ભરતપુર સહિત દમકમાં આગની જ્વાળાની જેમ ભભૂકી ઉઠયો.

આ વિરોધની પાછળ સૌથી મોટું કારણ કે, જેની મીડિયામાં જોર-શોરથી ચર્ચા ચાલી રહી છે તે સોશિયલ મીડિયા પરનો પ્રતિબંધ છે. આ એક ત્વરિત કારણ તો છે જ પરંતુ આ ઉપરાંત અન્ય બીજા અનેક ઘણું મહત્ત્વ ધરાવતા પૃષ્ઠભૂમિ ઊભી કરનારા કારણોમાં- અત્યધિક વધી ગયેલ ભ્રષ્ટાચાર, સરકારનું મિસ ગવર્નન્સ, સરકારમાં બેઠેલા પ્રતિનિધિઓનું પરિવારવાદ, જાતિગત ભેદભાવ, મીડિયા સેન્સરશીપ, સતત વધતું આર્થિક સંકટ અને સવિશેષ યુવાઓમાં સતત વધતી બેરોજગારી અને બેચેની પણ છે. જન સમસ્યા ત્યારે અનેક ઘણી વધી જાય છે કે, લોકવાચાને સહાનુભૂતિની સાથે સાંભળવાને બદલે સત્તાના નશામાં મીડિયા પ્રતિબંધોથી દબાવી અને કચડી દેવામાં આવે છે. આ વિશ્વભરના બધા જ દેશો માટે એક બોધપાઠ સમાન છે કે, જ્યારે ભ્રષ્ટાચાર, અન્યાય, મીડિયા સેન્સરશીપની સાથે લોકવાચાને દબાવી દેવામાં આવે અને યુવાઓની સમસ્યાઓ અને વાચાને આંખ આડા કાન કરીને ઉપેક્ષા કરવામાં આવે તો ઉભી થતી નિરાશા ચોક્કસપણે ખતરનાકરૂપે ફૂટી નીકળે છે. જેનાથી શાંતિ અને સ્થિરતા માટે જોખમ ખડું થાય છે.

અલ્લાહ અને ઈતિહાસ સમક્ષ જવાબદેહી બાબતે ધ્યાન કેન્દ્રિત કરીને સાચું નેતૃત્વ અસંમતીના અવાજને દબાવવામાં નહીં પરંતુ ન્યાય અને વિનમ્રતામાં સમાયેલું છે. સાચી સ્થિરતા બળથી નહીં પરંતુ ન્યાય, જવાબદારીની ભાવના અને જનાધિકારોના રક્ષણથી જ પ્રાપ્ત થાય છે. નેતાગણ અને નાગરિકો બંનેના માર્ગદર્શન હેતુ રાજનૈતિક સુધારાઓની સાથોસાથ નૈતિક જવાબદારી અને ઈલાહી ચેતનાની પણ ભારોભાર આવશ્યકતા રહેલી છે.

# અમેરિકાથી દૂર, ચીનની નજીક

વિશ્વ રાજકારણ એક અટપટી પરિસ્થિતિમાં છે. આ મોટા પરિવર્તન પાછળનું સૌથી મહત્ત્વનું પરિબળ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની બેજવાબદાર અને વિચિત્ર નીતિઓ છે. એ એક સ્વીકાર્ય હકીકત છે કે કોઈ પણ બે દિવસ સરખા હોતા નથી. એ પણ એક વાસ્તવિકતા છે કે રાજકીય પરિસ્થિતિઓ અણધારી રીતે બદલાતી રહે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ૧૧ વર્ષ લાંબી રાજકીય રમતે ભારતને એક જોખમી પરિસ્થિતિમાં લાવી દીધી છે. આ માટે મોદીના ગાઢ મિત્ર ડોનાલ્ડ ટ્રમ્પ મુખ્યત્વે જવાબદાર છે. હવે મોદીને કદાચ પોતાનો જૂનો નારો, "અબકી બાર, ટ્રમ્પ સરકાર" યાદ કરીને પસ્તાવો થતો હશે. પીએમ મોદીનો સાત વર્ષના અંતરાલ બાદ ચીનનો તાજેતરનો પ્રવાસ, એક જોખમોથી ભરપૂર અને નિરાશાજનક પગલું છે. એ સાબિત થઈ ગયું છે કે અમેરિકા એક ભરોસાપાત્ર મિત્ર નથી. ચીન તરફથી ઊભા થતા આવા જોખમો અંગે અત્યંત સાવચેતી રાખવી જોઈએ, કારણ કે ચીન



વિસ્તારવાદી વિચારો સાથે એક નવી વૈશ્વિક શક્તિ તરીકે ઉભરી રહ્યું છે. આર્થિક ક્ષેત્રે ચીન ભારત કરતાં ઓછામાં ઓછું ૫૦ વર્ષ આગળ છે. તેનો જીડીપી આશરે $૧૯ ટ્રિલિયન છે, જ્યારે ભારતનો આશરે $૪ ટ્રિલિયન છે.

ઈ.સ. ૧૯૬૨માં પરિસ્થિતિ એવી બની હતી કે ભારત અને ચીન સામ-સામે આવી ગયા હતા. આ મેકમોહન લાઈનને લઈને મતભેદોના કારણે થયું હતું. જો બંને પાડોશીઓએ સરહદી વિવાદોનું સમાધાન કરવામાં વિલંબ ન કર્યો હોત તો બંને દેશો માટે તે વધુ સારું હોત. સાર્વભૌમ રાજ્યોના પરસ્પર સંબંધો માટે સમાધાન અને આપ-લેની નીતિ હંમેશા સારી હોય છે.

ભારતે ચીન સાથે ડોકલામ અને ગલવાનમાં અથડામણોનો સામનો કરવો પડ્યો હતો. આંતરિક મજબૂરીઓના કારણે પીએમ મોદી તેમના ચીની સમકક્ષને 'લાલ આંખ' બતાવી શક્યા ન હતા. તેનાથી વિપરીત, તેમણે સ્પષ્ટપણે કહ્યું હતું કે, "ન તો કોઈએ આપણા વિસ્તારમાં પ્રવેશ કર્યો છે અને ન તો કોઈને આવું કરવાની છૂટ આપવામાં આવશે."

સત્તા નશો લાવે છે અને નિરંકુશ સત્તા સંપૂર્ણપણે નશો ચઢાવે છે. અત્યારે ચીનની સ્થિતિ કંઈક આવી જ છે. ૧૯૮૦ સુધી તે ભારતની આર્થિક રીતે સમકક્ષ હતું, પરંતુ હવે તે આપણાથી ઘણું આગળ છે. તે વિશ્વના ૩૦ ટકા ઉત્પાદનનું ગૌરવ ધરાવે છે. ચીનથી ભારતની આયાત લગભગ $૧૧૩ બિલિયન છે, જ્યારે ચીનમાં ભારતની નિકાસ માત્ર $૧૪ બિલિયન મૂલ્યની છે. આ રીતે, ચીન સાથેની આપણી વાર્ષિક વેપાર ખાધ લગભગ $૧૦૦ બિલિયન છે. આપણી ખામીયુક્ત વિદેશ નીતિના કારણે આપણે આ નબળી સ્થિતિમાં છીએ અને ચીનને આપણી સાથે સમાનતાનો વ્યવહાર કરવા દબાણ કરી શકતા નથી. જો શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)ના ઉદ્દેશ્યોનું સાચા અર્થમાં પાલન કરવામાં આવે તો ભારત અને ચીન બંનેને ફાયદો થઈ શકે છે. આ બદલાયેલા સંદર્ભમાં મહત્ત્વપૂર્ણ છે, જ્યારે ટ્રમ્પે આપણને નકારી દીધા છે અને તેઓ વડાપ્રધાન મોદી અને તેના દ્વારા ભારતને પણ બદનામ કરવા માટે મક્કમ છે.

બદલાયેલા સંજોગોમાં, ભારતે રાષ્ટ્રીય ગૌરવ અને આત્મસન્માનના ભોગે નહીં, પરંતુ અત્યંત સાવચેતી સાથે આગળ વધવું જોઈએ. ભારત અને ચીન બંને સૌથી નજીકના પાડોશી છે. બંને દેશોની કુલ વસ્તી વિશ્વની વસ્તીના એક તૃતીયાંશ કરતાં પણ વધુ છે (ભારત ૧૪૬ કરોડ, ચીન ૧૪૪ કરોડ). જો આપણા બંને દેશો સહકાર આપે, તો તેમને માત્ર ફાયદો જ નહીં થાય, પરંતુ તેઓ શાંતિને પ્રોત્સાહન આપી શકશે અને સમગ્ર વિશ્વ માટે 'અચ્છે દિન' લાવવામાં રચનાત્મક ભૂમિકા ભજવી શકશે.

સહકાર એ મંત્ર હોવો જોઈએ, અને સંઘર્ષ તથા ગળાકાપ સ્પર્ધાને કોઈ પણ ભોગે ટાળવી જ જોઈએ. આ સમયે, ભારતીયોએ મોદી અને ચીનનો સહકાર મેળવવાના તેમના પ્રયાસોને સમર્થન આપવું જોઈએ, તેમ છતાં મોટાભાગના ભારતીયો ભાજપના લોકશાહી વિરોધી નીતિઓ, નફરત, ભેદભાવ અને સાંપ્રદાયિકતા પર આધારિત 'કુશાસન' નો અંત ઈચ્છે છે.

## ઈઝરાયલી હુમલાની...

(પહેલા પાનાનું ચાલુ)

પરંતુ ઈઝરાયલે કતારને લક્ષ્ય બનાવીને આ પુરવાર કરી દીધું છે કે તેની આક્રમકતાથી કોઈ દેશ સુરક્ષિત નથી. તે આ બધું એટલા માટે કરી રહ્યો છે કે તેને અમેરિકાનું સંપૂર્ણ પીઠબળ પ્રાપ્ત છે. અપરાધની આ ભાગીદારીમાં અમેરિકા બરાબરનો કે સમાન રીતે સામેલ કે ભાગીદાર છે.

પોતાના નિવેદનના અંતે જમાઅતે ઈસ્લામી હિંદના અમીર સૈયદ સઆદતુલ્લાહ હુસૈનીએ કહ્યું કે અમો કતારની જનતા અને તેના નેતૃત્વ કે આગેવાનો સાથે સંપૂર્ણપણે એકતા વ્યક્ત કરીએ છીએ. દુનિયાએ અંતે વાસ્તવિકતાનો સામનો કરવો પડશે. ઈઝરાયલ માત્ર માનવ-અધિકારોનું ઉલ્લંઘન કરનાર જ નહીં બલ્કે સ્વતંત્ર દેશોની સ્વાયત્તતાને પાયમાલ કરનાર એક એવો અપરાધી છે જેના જુલ્મ-અત્યાચારનો સિલસિલો વધુ ને વધુ લાંબો થતો જઈ રહ્યો છે. ઈઝરાયલની ગુનાઈત કે આપરાધિક કાર્યવાહીઓ આપણા યુગમાં શાંતિ-સલામતી માટે સૌથી મોટો ખતરો છે. આ મામલામાં આંતરરાષ્ટ્રીય સમુદાય કે વૈશ્વિક બિરાદરીએ કોઈ નિર્ણાયક પગલાં ભરવા જોઈએ. તેમણે આંતરરાષ્ટ્રીય સમુદાયથી માગણી કરી કે ઈઝરાયલને તેના અપરાધોની સજા આપવામાં આવે, વંશોચ્છેદ કે વંશીય હત્યાને અટકાવવામાં આવે અને તેની ફરેબી આક્રમકતા ઉપર અંકુશ મૂકવામાં આવે.


**Late Yunushbhai Sabuwala**
**Samir Sabuwala**
**98245 47998**

**Abuzar Sabuwala**
**79841 77790**

FIRDOSH

Plain Cotton, Poplin, Printed Cotton, Jaipuri Printed, Cambric, All Type of Cotton Chaniya Retail & Wholesale

Opp. Sabuwala Co., Dhalgarwad Kapad Bazar, Ahmedabad




અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

## ગુનાહ થઈ જાય તો શું કરવું ?

**(હે પયગંબર ! લોકો તમને) પૂછે છે : અમે અલ્લાહના માર્ગમાં શું ખર્ચ કરીએ. કહો : જે કંઈ તમારી જરૂરિયાતથી વધારે છે.''** (સૂરઃ બકરહ, આયત-૨૧૯)

આ આયત કુર્આનમજીદની ખૂબ જ મશહૂર આયત છે અને આમાં ઈમાનવાળાઓને એક એવી બુનિયાદી તાલીમ આપવામાં આવી છે કે જો એ તેના પર આચરણ કરવા લાગી જાય તો તેનાથી એક શ્રેષ્ઠ કલ્યાણકારી સમાજ સ્થપાઈ શકે છે. સહાબાએ કિરામ રદિ. અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવા માટે દરેક સમયે તત્પર રહે છે. તેમની આ ખ્વાહેશ હતી કે તેઓ પોતાના માટે કંઈ ન રાખે. સર્વસ્વ ઇસ્લામના માર્ગમાં લુંટાવી દે. ઝકાતની અદાયગી બાદ તેઓ હુઝૂર નબીએ અકરમ થી પૂછતા રહેતા હતા કે અમે કેટલું અન્ય વધુ ખર્ચ કરીએ. આયતે-કરીમાના આ ટુકડામાં તેમના એ જ પ્રશ્નોના ઉત્તરમાં એક સિદ્ધાંત એનાયત ફરમાવવામાં આવ્યો છે. ફરમાવ્યું : આ લોકો આપ થી પ્રશ્ન કરે છે કે અમે શું ખર્ચ કરીએ. તેમને કહી દો કે જે કંઈ તેમની જરૂરિયાત કરતાં વધુ છે. આ રીતે આ નેકીના શોખમાં કોઈ તંગીમાં સપડાશે નહીં અને જાઈઝ જરૂરિયાતો પૂરી કર્યા બાદ પોતાના વધારાના માલ (પૂંજી)માંથી દેશ અને મિલ્લતની સેવા પણ કરી શકશે.

કુર્આનેહકીમે આ તાલીમ જે જમાનામાં એનાયત ફરમાવી છે એ સૌ જાણે છે કે એમાં દફતરી નિયમ-વ્યવસ્થા પોતાના પ્રારંભિક સ્વરૂપમાં હતી. સરકાર પાસે એવી કોઈ મશીનરી ન હતી કે જેનાથી એ સામૂહિક સ્તરે કલ્યાણકારી સંગઠનોની સ્થાપના અમલી બનાવી શકતી, આથી ઝકાત પછી અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવાના મામલાને આ સૈદ્ધાંતિક માર્ગદર્શન આપીને વ્યક્તિ પર છોડી દેવામાં આવ્યું. આ જ કારણ છે કે કુર્આને હકીમમાં અનેક જગ્યાએ ભૂખ્યા લોકોને ખવડાવવા, ગરીબો અને મિસ્કીનોના કામ આવવા અને અનાથોના દુઃખ-દર્દ મટાડવાની તાકીદ કરવામાં આવી છે. આજે જ્યારે કે સરકારી વ્યવસ્થા વિકાસના વિવિધ તબક્કાઓ પાર કરી માનવ-જીવનના તમામ અંશો પર હાવી થઈ ચૂકી છે અને સામૂહિક ભલાઈના કાર્યો રાજ્ય સરકારની મહત્ત્વની જરૂરતો ઠેરવાઈ ચૂક્યા છે તો આ વાત અગાઉ કરતાં પણ વધારે જરૂરી થઈ ગઈ છે કે જરૂરિયાતથી વધારે પૂંજી જે કેટલાક લોકોની વચ્ચે ફરતી રહે છે તેને એકત્ર કરીને એક વિધિવત્ કે કાયદેસરની યોજના હેઠળ ગરીબી તથા મુફલિસી દૂર કરવા માટે ખર્ચ કરવામાં આવે. જો આવું થઈ જાય તો તેના પરિણામે વર્ગીય-સંઘર્ષની એ તમામ અભિવ્યક્તિઓ આપમેળે સમાપ્ત થઈ જશે, જે આજના વ્યાકૂળ માનવીને દરેક જગ્યાએ પોતાના ઘેરામાં લઈ ચૂક્યા છે.

આ આયતના પ્રકાશમાં આજે આપણા સમાજની દરેક વ્યક્તિએ આત્મ-નિરીક્ષણ કરવાની જરૂરત છે કે શું આપણે આપણી જાઈઝ જરૂરતો પૂરી કર્યા પછી બચેલ માલ કે રકમ અલ્લાહના માર્ગ અને સમાજના મિસ્કીન, મુફલિસ, અનાથ અને અન્ય જરૂરતમંદો ઉપર ખર્ચ કરીએ છીએ? જો આવું થાય તો સમાજના મોટાભાગના પ્રશ્નો હલ થઈ જાય. બસ અહીં ધ્યાન આ રાખવાની જરૂરત છે કે આપણે જાઈઝ જરૂરતો અને ઈચ્છાપૂર્તિ વચ્ચે ભેદ કરતાં શીખી જઈએ.




## પ્રતિષ્ઠા અને ગંભીરતા

(૩) અનુવાદ :

**હઝરત અનસ રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું : હે અબૂ ઝર (રદિ.) ! શું હું તમને બે એવી ખાસિયતો ન બતાવું જે ખૂબ જ હળવી છે પીઠ પર, અને ખૂબ જ ભારે છે ત્રાજવામાં ?''[1] તેમણે અરજ કરી : કેમ નહીં આપ ﷺ જરૂર બતાવો. આપ ﷺએ ફરમાવ્યું લાંબી ખામોશી[2] અને સદ્ચારિત્ર્ય, એ જાત (હસ્તી)ના સોગંદ જેના કબજામાં મારા પ્રાણ છે, 'ખુલ્ક' (લોકો)એ તેના સમાન કોઈ અમલ નથી કર્યું.[3] (બયહકી, ફી શો'બુલ ઈમાન)**

**સમજૂતી :**

[1] અર્થાત્ અપનાવવામાં એ ખાસિયતો ખૂબ જ સરળ છે. એ કોઈના પણ માટે ભારે બોજારૂપ નથી, પરંતુ કદર-કીમતની દષ્ટિએ તેમનો દરજ્જો ખૂબ જ વધેલો છે. એ પોતે તો ખૂબ જ હળવી અને સરળ છે, પરંતુ પોતાને (તેને) અપનાવનારને એ અત્યંત વજનદાર બનાવી દે છે.

[2] અર્થાત્ વધારે ખામોશ રહેવાની ટેવ. જે વ્યક્તિ પણ જરૂરત વિના જબાન નહીં ખોલે (નહીં બોલે), અનુચિત અને અપ્રિય વાતોથી બચશે, ચોક્કસપણે એ વધુ ખામોશ રહેશે, બોલશે ઓછું. હુઝૂર ﷺ વિષે સહાબા રદિ.નું કથન છે કે : ''અલ્લાહના રસૂલ વધુ ખામોશ રહેતા હતા.'' આપ ﷺએ જ વાત કરતા હતા જેમાં આપ ﷺને વળતર અને સવાબની આશા રહેતી હતી.''

[3] અર્થાત્ લોકોના આ'માલ (કર્મો)માં આ બંને વસ્તુઓ એટલે કે વધુ ખામોશી અને સદ્ચરિત્ર અજોડ છે. કોઈ પણ અમલ (કાર્ય) દરજ્જામાં આમનાથી વધુ સન્માનનીય તથા વધારે ઉચ્ચ નથી.

(૪) અનુવાદ :

**હઝરત અબૂ હુરૈરહ રદિ. અને હઝરત અબૂ ખલ્લાદ રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું : જ્યારે તમે કોઈ બંદાને જુઓ કે તેને દુનિયા પ્રત્યે અરુચિ તથા અણગમો અને ઓછું બોલવું નસીબ થયું છે, તો તેનું સામીપ્ય અપનાવો, કેમકે તેને બુદ્ધિમત્તાનું ''ઈલ્કા'' (અલ્લાહ તરફથી કોઈ વાત તેના મનમાં નાખવી (મૂકવી) થાય છે.''[4] (અલ બયહકી, ફી શો'બુલ ઈમાન).**

**સમજૂતી :**

[4] અર્થાત્ એ હકીકતને જાણનાર હોય છે. અલ્લાહ તરફથી તેના દિલમાં 'હિકમત' (બુદ્ધિમત્તા, Wisdom) ઊતરે છે. તેની જીભ સત્યની પ્રવક્તા બની જાય છે. તેના મોઢેથી જે વાતો નીકળે છે તે એ વાત બતાવે છે કે અલ્લાહની તેના પર ખાસ એનાયત છે. અલ્લાહે તેને ભટકવા માટે નથી છોડી દીધો, બલ્કે એ તેનું માર્ગદર્શન ફરમાવતો રહે છે. તેના મુખેથી જે કાંઈ નીકળે છે એ ખરૂં સાચું અને ફાયદાકારક હોય છે. તેની ગુફતેગૂ જ નહીં બલ્કે તેની ખામોશી અને તેની દૃષ્ટિમાં પણ જાદૂ જેવી અસર હોય છે, જેનાથી ઝિંદગીઓ બદલાઈ શકે છે.

''જ્ઞાન સભા''

# ઈરાદા વિના ત્રણવાર 'તલાક' કહેવાનો પ્રશ્ન

''જ્ઞાન સભા''

ડૉ.રઝિયુલ ઈસ્લામ નદવી

**પ્રશ્ન : એક ઘરેલુ બેઠકમાં મેં તલાક માટે અપનાવાતી બિન-ઈસ્લામી રીતનો ઉલ્લેખ કરતાં તેના પર અફસોસ વ્યક્ત કર્યો. આના પર મારી પત્નીએ કહ્યું કે જો હું તમારી સાથે આવી જ રીત અપનાવું તો તમે શું કરશો ? મારા મોઢેથી ઈરાદા વિના ત્રણ વાર શબ્દ 'તલાક' અદા થયો. આના પછી એ બેઠકમાં કોઈ વાતચીત ન થઈ. થોડીવાર પછી સૌ પોત-પોતાના ઘરે જતા રહ્યા. પછી કેટલાય દિવસો સુધી અમારી વચ્ચે આ અંગે કોઈ વાતચીત ન થઈ. એક દિવસે મારી પત્નીએ પોતાની 'આલિમા' બહેનથી એ દિવસે થયેલ વાતચીત અને મારા મોઢેથી અદા થયેલ શબ્દ 'તલાક'નો ઉલ્લેખ કર્યો તો તેણે કહ્યું કે ત્રણ તલાક થઈ ગઈ અને નિકાહ હંમેશ માટે ખતમ થઈ ગયો છે.**

**હું પૂરા હોશ-હવાસ સાથે (સમાનતાપૂર્વક) કહું છું કે મારી નીય્યત સ્હેજેય 'તલાક' આપવાની ન હતી. બસ ચર્ચા દરમ્યાન ઉપરોક્ત પશ્ચાદ્ભૂમિ કે સંદર્ભ સાથે શબ્દ 'તલાક' મારા મોઢેથી નીકળ્યો હતો, જેનો મને ઘણો અફસોસ છે. મારી પત્નીના ઘરવાળાઓનું કહેવું છે કે તલાક થઈ ગઈ છે, જ્યારે કે હું અને મારા ઘરવાળા આ વાત માનવા માટે તૈયાર નથી.**

**મહેરબાની કરી આ અંગે માર્ગદર્શન ફરમાવો.**

**ઉત્તર :** આ અંગે કેટલીક વાતો અરજ છે :

(૧) કોઈ પશ્ચાદ્ભૂમિ વિના કે કોઈ અન્ય પશ્ચાદ્ભૂમિ સાથે મોઢેથી 'તલાક' શબ્દ દોહરાવવાથી 'તલાક' નથી થતી. ઉસ્તાદ ક્લાસરૂમમાં 'તલાક'ની ચર્ચા ભણાવે છે. તો તેમના મોઢેથી વારંવાર 'તલાક' શબ્દ નીકળે છે. શરીઅતના હુકમો સમજાવતી વખતે વારંવાર શબ્દ 'તલાક' કહે છે. પરંતુ આમ કરવાથી 'તલાક' નથી થતી.

(૨) પત્ની સાથે મતભેદ અને વિવાદની પશ્ચાદ્ભૂમિમાં જો કોઈ માણસ 'તલાક' કહે તો એ વખતે તેનું કહેવું પ્રમાણ-ભૂત નહીં હોય કે મારી નીય્યત 'તલાક' આપવાની ન હતી. બલ્કે તલાક થઈ જશે. અલબત્ત જો એ અલાયદગી વાળો કોઈ અન્ય શબ્દ વાપરે છે તો નીય્યતનો ભરોસાપાત્ર હશે.


(૩) જો કોઈ માણસ શબ્દ 'તલાક' ત્રણ વાર કહે, પછી પૂછવાથી સોગંદ ખાઈને કહે કે તેની નીય્યત ત્રણ તલાક આપવાની ન હતી, તેણે ફક્ત શબ્દ 'તલાક'ને વારંવાર દોહરાવ્યો તો હન્ફી ફિકહ અનુસાર પણ તેની વાત માનવામાં આવશે અને એક જ તલાક થયેલી ગણાશે (જો તે કહે કે મેં ત્રણ તલાક જ આપવી ચાહી હતી તો ત્રણ થઈ જશે.) એક તલાક થવાની સ્થિતિમાં ઈદત (ત્રણ માસિક-સ્રાવ)ની અંદર (દરમિયાન) પતિને 'રુજૂ' કરવાનો હક્ક હાસલ હશે, અને ઈદ્દત બાદ જો સ્ત્રીની મરજી હોય તો નવેસરથી એ જ પતિથી અથવા કોઈ અન્ય માણસ-વ્યક્તિ સાથે તેનો નિકાહ થઈ શકે છે. આ વાત ઑલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ તરફથી પ્રકાશિત થયેલ ''ઈસ્લામી કાયદા સંગ્રહ''ની નવી આવૃત્તિમાં સ્પષ્ટ શબ્દોમાં નોંધવામાં આવી છે :

''જો કોઈ માણસે તલાક આપતાં સંખ્યાની સ્પષ્ટતા નથી કરી, પરંતુ વારંવાર 'તલાક' શબ્દ દોહરાવ્યો, દા.ત. તને તલાક આપી, તને તલાક આપી, તને તલાક આપી, અથવા તો આમ કહ્યું કે તને તલાક, તલાક, તલાક તો આવી સ્થિતિમાં જો તલાક આપનાર આ એકરાર કરે કે તેણે બે કે ત્રણ વખત શબ્દ દોહરાવીને બે કે ત્રણ તલાક આપવી ચાહી છે તો આવી સ્થિતિમાં બે કે ત્રણ તલાક થઈ જશે. અને જો તલાક આપનાર આ કહે છે કે તેની નીય્યત (ઈરાદો) એક જ તલાકની હતી અને તેણે ફક્ત ભાર મૂકવા માટે શબ્દ તલાક દોહરાવ્યા છે, અને તેનો હેતુ એકથી વધુ તલાક આપવાનો ન હતો તો તેનું આ નિવેદન સોગંદ સાથે સ્વીકારવામાં આવશે અને એક જ તલાક થશે.'' (આઠમી આવૃત્તિ, જાન્યુઆરી ૨૦૨૩, પૃષ્ઠ-૨૩૩)

(૪) જો કોઈ માણસ ગણતરીમાં (સંખ્યા સાથે) તલાક આપે. એટલે કે કહે : મેં બે તલાક આપી, અથવા કહે કે મેં ત્રણ તલાક આપી, તો હન્ફી ફિકહમાં એટલી તલાકો થશે જેટલી તેણે આપી (કે કહી) છે.

ઉપરોક્ત સ્થિતિમાં મારા અભિપ્રાય મુજબ એક તલાક પણ નહીં થાય. જો કોઈનો આગ્રહ છે કે તલાક થઈ ગઈ તો પણ ફક્ત એક તલાક થઈ શકે છે. જે પછી ઈદતમાં (ઈદત દરમ્યાન) પત્નીની મરજી વિના પતિને રજૂ કરવાનો હક પ્રાપ્ત છે. •••

# વર્તમાન સમયમાં મક્કાના નબવીકાળથી માર્ગદર્શન




હિજાઝના મશહૂર શહેર મક્કા મુકર્રમામાં હઝરત મુહમ્મદ ﷺની વિલાદત (જન્મ) આમુલ ફીલ ઈ.સ. ૫૭૧માં થઈ. ૧૦મી ઓગસ્ટ ૬૧૦ના રોજ આપ ﷺને રિસાલતથી નવાજવામાં આવ્યા. મક્કામાં જ આપ ﷺ રિસાલતના ફરાઇઝ (ફરજો) અંજામ આપતા રહ્યા. તેર (૧૩) વર્ષ પછી આપ ﷺએ મદીના હિજરત ફરમાવી. મદીનામાં ૧૦ વર્ષ રોકાણ રહ્યું અને ઈસ્લામી રાજ્યની સ્થાપના કરી, જે કયામત સુધી દુનિયા માટે ઉદાહરણરૂપ કે નમૂનારૂપ રાજ્ય રહેશે. હિજરતના અગિયારમાં વર્ષે ૧૨ રબીઉલ અવ્વલને આપ ﷺએ આ ફાની (નાશવંત) દુનિયાથી વિદાય લીધી.

હાલમાં આપ ﷺના મક્કાના રિસાલતકાળનું અધ્યયન દૃષ્ટિ સમક્ષ છે. વર્તમાનકાળમાં આપણે તેનાથી માર્ગદર્શન પ્રાપ્ત કરવાનું છે.

**આગમન વખતે આરબવાસીઓની સ્થિતિ :**

રસૂલે અકરમ ﷺ અંતિમ નબી છે, અને આપ ﷺનું આગમન સમગ્ર વિશ્વ માટે છે અને કયામત સુધી માટે છે. આપ ﷺના સૌ પ્રથમ સંબોધક આરબવાસીઓ હતા, જેમનામાં આપ ﷺની ખુશનસીબ વિલાદત (જન્મ) થઈ. આરબવાસીઓ અલ્લાહનો ઈન્કાર કરનારા ન હતા. તેઓ તેને (અલ્લાહને) સમગ્ર સૃષ્ટિના સર્જનહાર અને સર્વ-શક્તિમાન સમજતા હતા આમ છતાં શિર્કમાં સપડાયેલા હતા અને ઘણાં ખુદાઓની પૂજા (ઉપાસના) કરતા હતા. આ મૂર્ખામીમાં તેઓ કોઈ વિરોધાભાસ અનુભવતા ન હતા : "તેમનામાંથી મોટા ભાગના અલ્લાહને માને છે પરંતુ એવી રીતે કે તેની સાથે બીજાઓને (પણ) ભાગીદાર ઠેરવે છે." (સૂરઃ યૂસુફ, આયત-૧૦૬)

તેમનો વંશીય સંબંધ જલીલુલ કદ્ર (ઉચ્ચ દરજ્જાના) પૈગંબર હઝરત ઈબ્રાહીમ અ.સ. અને હઝરત ઈસ્માઈલ અ.સ. સાથે હતો. તેમ છતાં તેઓ રિસાલતને માનનારા ન હતા. તેઓ આપ ﷺને 'સાદિક' તથા અમીન તો માનતા હતા, પરંતુ આપ ﷺની દા'વત તથા રિસાલતને પોતાના માટે સખત હાનિકારક માનતા હતા અને કોઈ પણ કીમતે તેને સ્વીકારવા માટે તૈયાર ન હતા.

આખિરત અને વળતર તથા સજાની કલ્પના તેમના માટે અસ્વીકાર્ય હતી. તેઓ આ વાતને શક્યતાથી દૂર સમજતા હતા કે આ દુનિયા ખતમ થઈ જશે અને એક બીજી દુનિયા અસ્તિત્વમાં આવશે અને મનુષ્ય પોતાના સદ્‌કાર્યોનું વળતર અને ખોટા વલણની સજા પામશે.

આરબવાસીઓ સમીપ આ દુનિયા સમક્ષ કોઈ અન્ય દુનિયાની કલ્પના ન હતી. તેઓ અહીંના એશ-આરામને જ જીવન-સિદ્ધી સમજતા હતા. જે માણસ આનાથી જેટલો લાભ ઉઠાવે તે એમની નજીક સમજદાર અને ખુશનસીબ હતો. નિરર્થક અને વ્યર્થ, વ્યભિચાર, દુષ્કર્મ, જુગાર અને દારૂ પીવા જેવી બૂરાઈઓ તેમનામાં સામાન્ય કે પ્રચલિત હતી. તેઓ એક જ ધરતી પર રહેતા હોવા છતાં વિવિધ કબીલાઓમાં વિભાજિત હતા. તેમની વચ્ચે લડાઈઓ થતી રહેતી હતી. કતલ તથા નરસંહારનો વણ થંભ્યો સિલસિલો ચાલુ હતો. તેમની વચ્ચે તાબા હેઠળનાઓના અધિકારો સુરક્ષિત ન હતા. ખૂબ જ મુશ્કેલીથી મજલૂમોની ફરિયાદ સાંભળવામાં આવતી.

**રસૂલ ﷺનું મિશન :**

આ અપ્રિય સંજોગોમાં રસૂલુલ્લાહ ﷺએ તૌહીદ, રિસાલત અને આખિરતનો અકીદો પ્રસ્તુત કર્યો કે આ દુનિયા અને આખિરતની ભલાઈઓનો એ માર્ગ છે જેનું માર્ગદર્શન આ સૃષ્ટિના માલિકે કર્યું છે. આનાથી જ દુનિયાની વ્યવસ્થા બહેતર થઈ શકે છે, શાંતિ અને સલામતી તેમજ ન્યાય તથા ઈન્સાફની સ્થાપના શકય છે અને માનવોના હક્કોની રક્ષા થઈ શકે છે. આનો સ્વીકારીનો માનવી અલ્લાહતઆલાની પ્રસન્નતા અને ખુશી હાસલ કરી શકશે, અને આખિરતમાં શ્રેષ્ઠ વળતર તથા સવાબને પાત્ર ઠરશે. નહિંતર હશ્રના દિવસે તેને તેની સજા ભોગવવી પડશે, આવી જ રીતે જે કોમ આને સ્વીકારશે એ દુનિયામાં સફળ થશે અને પતનમાંથી નીકળીને સરકાર તથા શાસનના દરજ્જા સુધી પહોંચશે. જે કોમ આને રદ કરી દેશે, તો દુનિયાનું નુકસાન તેનું ભાગ્ય હશે. અને આખિરતના અઝાબમાં એ સપડાશે.

(અનુસંધાન 5મા પાને)

## સોનેરી વાકયો

### સોનેરી કથન

**હકીમ બૂ અલી સીના**

*(ઈ.સ. ૯૮૦ થી ઈ.સ. ૧૦૩૭)*

*(જાણીતા તબીબ અને ફિલ્સૂફ. પૂરૂં નામ બૂ અલી અલ હુસૈન બિન સીના છે. "મુસ્લિમ-જગતનો એરિસ્ટોટલ"નો લકબ આપવામાં આવ્યો. કેટલાય પુસ્તકો લખ્યા જેમાં અલ કા ..... અને "અલ શિફા" બહુ જાણીતા છે.)*

- દુનિયાથી બચનાર-પરહેઝ કરનાર ઝાહિદ (સંયમી) છે અને પોતાના ભાગ્ય પર ઝાહિદ (સંયમી) છે અને પોતાના ભાગ્ય પર 'શાકિર' (આભારી) રહેનાર પણ 'ઝાહિદ' છે.
- 'ઝિક્ર'થી ખાલી વાત નિરર્થક છે. બોધપાઠથી ખાલી નજર ગાફેલ કરનારી વસ્તુ છે અને ચિંતન-મનનથી ખાલી ખામોશી ભૂલ-ચૂક છે.
- જ્યાં સુધી શક્ય હોય માલની તલબ કરનાર ન બનો.
- જીવનમાં ત્રણ વસ્તુઓ ઘણી સખત છે :

(૧) મોતનો ભય (૨) રોગની તીવ્રતા (૩) કરજનું અપમાન

ZENITH PARTY PLOT
Bringing People Together
Zenith Tins Compound, Chhani, Vadodara.

શકીલ એમ.કાદરી મો. ૯૮૨૫૧૪૭૮૬૦ મો.૯૯૭૮૬૯૨૦૧૧ મો. ૯૭૨૭૯૬૯૬૬૬
કાદરી પાર્ટી પ્લોટ
Kadri Party Plot
નાના મોટા શુભપ્રસંગે અને લગ્નના અવસરે તેમજ સામાજિક પ્રસંગો યોજવા માટે મુલાકાત લો.
એડ્રેસ : ટી.પી.-૮૫, ૧૦૦ ફીટ રોડ, અંબર ટાવર, સામે, સરખેજ રોડ, અહેમદાબાદ-૩૮૦ ૦૫૫. E-mail :sakil.kadri7766@gmail.com

'ઇલાહી! ખતાઓસે દિલ કો યૂં સુથરા ફરમા જૈસે મૈલ-કુચૈલસે સફેદ કપડે કો સુથરા બના દેતા હૈ.
ઇલાહી! મુઝે ગુનાહોં સે ઇતના દૂર ફરમા દે જિતના તૂને પૂરબ કો પશ્ચિમ સે દૂર કર રખ્ખા હૈ.' (તિબરાની)

આધુનિક ખત્ના કેન્દ્ર® (સુન્નત)
ટ્રેડમાર્ક ધરાવતી સરકાર માન્ય એકમાત્ર સંસ્થા
ડૉ. યાસીન સૈયદ (M.B.B.S.) | ડૉ. તૌફીક સૈયદ (B.H.M.S.)



ખત્ના તથા સર્વરોગ નિદાન કેન્દ્ર ચામડીના રોગોના અનુભવી
અમારી શાખાઓ :
(૧) જુહાપુરા શાહીન કોમ્પ્લેક્ષ મોડલ સ્કૂલની બાજુમાં, જુહાપુરા, સરખેજ રોડ અમદાવાદ.
સમયઃ સોમ, મંગળ, ગુરૂ, શનિ સવારે : ૧૦:૦૦ થી ૧૨:૩૦ સુધી
(૨) પથ્થરવાલી મસ્જિદ પાસે, શાહપુર અડ્ડા, અમદાવાદ. સમયઃ સોમ, મંગળ, ગુરૂ, શનિ - સાંજે : ૭:૦૦ થી ૯:૩૦ સુધી
(૩) શમશેરબાગ, પાકવાડા સામે, ગોમતીપુર, અમદાવાદ. સમય : સોમ થી શનિ - સવારે : ૯:૦૦ થી ૧૨:૩૦ સુધી
સાંજે : ૬:૦૦ થી ૮:૦૦ સુધી | રવિવારે ફક્ત સવારે : ૯:૦૦ થી ૧૨:૩૦ સુધી
Mo.: 99097 12900 | 93279 24050 | 98251 53388

અલ-કફીલ પુઠાવાળા
મો:૯૮૭૯૧૬૦૬૩૦
મો : ૮૭૮૦૧૫૫૦૭૯
રોયલ ટ્રેડર્સ
દરેક પ્રકારના રમકડા, પતંગ અને ફિરકીના જથ્થાબંધ વહેપારી
૧૯૦૮, હજીરાની પોળ પાસે, કાલુપુર ટાવર રોડ, અહમદાબાદ-૩૮૦૦૦૧.
www.rtraders.freeservers.com



M.- 9898062816 Video Call - M : 9428419044
25 Sarkhej Clutch
Sarkhej Cultch SALES & SERVICE
Email L aone.raju@yahoo.in
www.sarkhejcultch.com
544/2, A-one Motor Garage Compound, S.C. Highway, Sarkhej, Ahmeadabad-382210

સલીમ કરીમી મો.: ૯૮૯૮૦ ૬૯૦૪૭ ૯૭૨૪૭ ૭૮૬૯૮



Adarsh Driving School
પદ્ધતીસરનું ડ્રાઈવીંગ શિખવા માટે સંપર્ક કરો.
૧૪, આઝાન કોમ્પલેક્ષ, રોયલ નવાબ એવન્યુ ની સામે, સરખેજ રોડ, અમદાવાદ-૩૮૦૦૫૫.

શાહીદભાઈ ૯૮૨૪૦૪૭૫૧૦ ઉસ્માનભાઈ ૯૮૯૮૬૧૮૫૦૨
7 STAR
સેવન સ્ટાર એગ્ઝ માર્ટ
છૂટક તથા જથ્થાબંધ ઈંડાના વહેપારી
જમાલપુર હલાડીવાડ, હેબતખાન મસ્જિદની પાસે, અહમદઆબાદ-૧
ફોન : ૨૫૩૯૧૪૨૮, ૨૫૩૮૦૦૧૪

# મુસ્લિમ યુવાનો : વૈચારિક અને સાંસ્કૃતિક આક્રમણોના લક્ષ્ય પર

● સૈયદ કુત્બ શહીદ

ઈસ્લામના તમામ ચિહ્નોને ખૂબ જ ઘસી ઘસીને (સ્કેચ કરી, ઉતરડી)ને તેની જગ્યાએ નવી કલ્પનાઓ, માન્યતાઓ અને આધુનિક બદીઓ જે "શિક્ષણ"ની સનદ સાથે આપણી ભણેલી-ગણેલી યુવા પેઢી માટે પ્રસ્તુત કરવામાં આવી રહી છે, તેમના કાનોમાં સવાર-સાંજ હવે એ જ વસ્તુઓ ગૂંજે છે.

નવાથી નવા "પાઠ" છે ઈસ્લામના નામે આજે આપણને ખૂબ જ મહેનત સાથે ભણાવવામાં આવી રહ્યા છે !

"વિચારધારા"ના આક્રમણથી જાન છૂટતી નથી કે એટલામાં જ "વાસના"ના લશ્કર અત્યંત ક્રૂરતા સાથે આપણા પર છોડી દેવામાં આવે છે. કેવા કેવા ખૂની છરા છે જે આપણા સગીર બાળકો અને બાળકીઓ માટે મોટા પ્રમાણમાં બહાર પાડવામાં આવે છે.



ગંદકીનો શું એવો પૂર પણ ક્યારેય આપણી ઉપર આવ્યો હશે કે જેમાં આજે આપણે આ ભૂલકાઓને ડુબાડી દેવામાં આવ્યા છે ?

મુસ્લિમ હાથોમાંથી ઈસ્લામી શરીઅતનું દામન છોડાવી દેવાનું આ એક અલગ ને આગવું સ્તર છે જેના પર ખૂબ જ સક્રિયપણે "કામ" થઈ રહ્યું છે.

કાચી વયના આપણા નટખટ યુવાનો, મુસ્લિમજગતની આ સૌથી કીમતી કે અમૂલ્ય મૂડી યહૂદી-દુષ્ટોના પગતળે ચગદાઈ કે વેડફાઈ રહી છે.

લાગણીઓની ઉશ્કેરણીના હજારો વૈજ્ઞાનિક શસ્ત્રો જે માનવતાને ગંદકીમાં દફન કરી દેવા માટે યહૂદી સિગ્મન્ડ ફ્રૉઈડ દ્વારા અપાયેલ "ભેટ" છે, આપણા આ નિર્દોષ બાળકો અને બાળકીઓ પર લક્ષ્ય-ભેદી તીરની જેમ અજમાવવામાં આવી રહ્યા છે.

આપણા આ બાળકો કે જેમને આપણે હજી ન તો અકીદા ભણાવી શક્યા હતા, અને ન તો શરીઅત, ન જ તેમના સાચા ઈતિહાસના પાઠ ભણાવી શક્યા હતા અને ન તો તેમને આત્મ-ઓળખની કોઈ પ્રક્રિયામાંથી પસાર કરી શક્યા હતા, અને ન તો દુશ્મનોનો સામનો કરવાના કોઈ ખૂબી કે રીત તેમને શીખવાડી શક્યા હતા. આજે સંપૂર્ણપણે પાશ્ચાત્યવિદો અને તેમના 'ગુરૂઓ'ના હાથમાં છે.

આ યોજનાના ઘડવૈયાઓ સારી રીતે જાણે છે કે ઈસ્લામી શરીઅતને સમાજમાં સાનુકૂળ થવા માટે હૃદયો અને બુદ્ધિઓની જે ધરતી જરૂરી છે, તેના માટે સ્વચ્છતા અને પવિત્રતા પ્રથમ શરત છે. જ્યારે અહીં સવાર-સાંજ તેઓ એટલી ગંદકી ફેંકતા જશે કે મુસ્લિમ-જગત તેમણે ફેંકેલા કચરાના ઢગલાની એક તસ્વીર પ્રસ્તુત કરશે, તો શરીઅતને સાનુકૂળ થવા માટે, અંતે અહીં કંઈ જગ્યા મળશે ? ટૂંકમાં આ કે શરીઅત પર આપણી પકડ છોડાવી દેવા માટે અશ્લીલતા અને અશ્લીલ કૃત્યોનો પ્રચાર-પ્રસાર તથા પુનરુત્થાન પણ એક ખૂબ જ અજમાયેલ શસ્ત્ર છે. અને સંપૂર્ણ અજમાવાયેલ શસ્ત્ર છે, અને સંપૂર્ણ તીવ્રતા સાથે અને હવે તો ખુદ આપણી જ કોમના લોકો દ્વારા, આપણા પર અજમાઈ રહ્યો છે. •••

## વર્તમાન સમયમાં મક્કાના...

(ચોથા પાનાનું ચાલુ)

રસૂલુલ્લાહ ﷺને અલ્લાહના આ દીનના પ્રચાર-પ્રસાર તથા દા'વત આપવાનો હુકમ હતો. સ્પષ્ટપણે અને સમયસર તેને રજૂ કરવાની તેને તાકીદ હતી. આ માર્ગની મુશ્કેલીઓ અને મુસીબતોને ધૈર્ય તથા દઢતા સાથે સહન કરવા અને દરેક સંજોગોમાં આને ચાલુ રાખવાની હિદાયત હતી. આપ ﷺ આ હિદાયત ઉપર અમલ કરી રહ્યા હતા. અકીદા અને ધર્મના પ્રચાર-પ્રસાર અને પોતાના વિચાર તથા ચિંતનની અભિવ્યક્તિ માનવીનો સ્વાભાવિક હક્ક છે. આપ ﷺના વિરોધીઓ આને સ્વીકારતા ન હતા.

રસૂલુલ્લાહ ﷺ દલીલોથી પોતાની દા'વત રજૂ કરી રહ્યા હતા. હિકમત તથા સમજદારી તેમજ ઉપદેશ તથા નસીહતનો માર્ગ આપ ﷺએ અપનાવ્યો હતો. આપ ﷺ અત્યંત એખલાસ અને દુઃખ-દર્દથી સત્ય-માર્ગ બતાવી રહ્યા હતા, અને કોમની ભલાઈ તથા હમદર્દીમાં પોતાને ઓગાળી રહ્યા હતા. કુર્આને મજીદનું કથન છે : "હે નબી! કદાચ તમે આ પીડામાં પોતાના પ્રાણ ગુમાવી બેસશો કે આ લોકો ઈમાન લાવતા નથી." (સૂરઃ શુઅરા, આયત-૩). આમ છતાં કોમ તરફથી જીદ તથા હઠધર્મીપણા અને બડાશનું વલણ ચાલુ હતું. તેઓ આપ ﷺને દુશ્મન અને બૂરૂં ચાહનારા તો કહેવાની હિંમત કરી શકતા ન હતા, પરંતુ જીવતે-જી આપ ﷺની દા'વતને ફેલાતી અને વિકસતી જોવા ઈચ્છતા ન હતા. તેમણે આપ ﷺને આનાથી રોકવા કે અટકાવવાનો દરેક પ્રયાસ કર્યો. આપ ﷺને ધન-દૌલતની, કોમના નેતૃત્વની, આગેવાની કે સરદારીની અને ઊંચામાં ઊંચા ખાનદાનની સ્ત્રી સાથે લગ્ન કરાવડાવી દેવાની ઓફર કરી. આપ ﷺએ તેને ઠુકરાવી દીધી. ફરમાવ્યું : "તમે દુનિયાની જે ધન-સંપત્તિની ઓફર કરી રહ્યા છો તેની મારી દૃષ્ટિમાં એક પાંખ જેટલી પણ હેસિયત નથી. આનાથી વધીને જો તમે મારા એક હાથમાં સૂર્ય અને બીજા હાથમાં ચંદ્ર મૂકી દો તો પણ હું આ (દા'વતથી રોકાઈ શકતો નથી. આ સફળ થઈને રહેશે. ક્યાં તો મારા પ્રાણ આ જ માર્ગમાં જતા રહેશે." આ સંકલ્પનો તેઓ સામનો કરી શકતા ન હતા.

રસૂલે અકરમ ﷺના વિરોધીઓ માટે સૌથી વધુ ચિંતા અને પરેશાની આ વાતથી હતી કે ખુદ તેમની હરોળોમાંથી, તેમના ઘરોમાંથી, તેમના ભાઈ-બંધુઓ, તેમના અત્યંત નિકટના લોકો અને તેમના કાળજાના કટકા ધીમે ધીમે આ દા'વતને છાતી સરસી ચાંપી રહ્યા હતા. આના માટે તેઓ દરેક પ્રકારની યાતનાઓ સહન કરી રહ્યા હતા. પરંતુ આને છોડવા કે દૂર રહેવા માટે તૈયાર ન હતા. આ રીતે ધરતી તેમના માટે ચારે તરફથી સાંકડી થતી જઈ રહી હતી. તેને પણ તેઓ આ ભ્રમમાં સપડાયેલા હતા કે તેમની સત્તા ગમે તેમ પણ બાકી રહેશે.

(વધુ આવતા અંકે)

## રોશનીના મીનાર

(સાતમા પાનાનું ચાલુ)

"હા, કેટલી ઉત્તમ છે જન્નત, કેટલી આનંદદાયક છે તેની નજદીકી અને કેવું ઠંડું છે તેનું પાણી. રોમનોની યાતના નજીક આવી ગઈ છે. આ બધા કાફિર અને દૂરના સગાઓ છે. જ્યારે તેમની સાથે મુકાબલો થઈ ગયો છે, તો જરૂરી છે કે હું તેમના પર સખત પ્રહાર કરૂં."

તેઓ દુશ્મનની પંક્તિઓમાં દરેક બાજુ ચક્કર લગાવતા અને પોતાની તીક્ષ્ણ તલવારના જોહર બતાવતા ફરી રહ્યા હતા કે દુશ્મનના એક સખત પ્રહારે તેમના જમણા હાથને કાપીને અલગ કરી દીધો. તેમણે ધ્વજને ડાબા હાથમાં પકડી લીધો, પણ દુશ્મને તલવારનો બીજો વાર કર્યો અને તેમનો ડાબો હાથ પણ કપાઈને અલગ થઈ ગયો. હવે તેમણે ધ્વજને પોતાની બંને ભુજાઓના વર્તુળમાં લઈને છાતીથી ચોંટાડી દીધો, પણ જલદી જ ત્રીજા પ્રહારે તેમના શરીરના બે ટુકડા કરી દીધા. હવે ધ્વજ હઝરત અબ્દુલ્લાહ બિન રવાહાના હાથમાં હતો. તેઓ પણ સતત લડતા રહ્યા, જ્યાં સુધી કે પોતાના બંને સાથીઓને જઈ મળ્યા.

———

જ્યારે અલ્લાહના રસૂલ ﷺને પોતાના ત્રણેય સેનાપતિઓના શહીદ થવાની ખબર મળી, તો આપ દુઃખ અને આઘાતથી હતાશ થઈ ગયા અને શોક વ્યક્ત કરવા માટે પોતાના પિત્રાઈ ભાઈ હઝરત જાફર બિન અબી તાલિબના ઘરે ગયા. આપે જોયું કે તેમની સન્માનનીય પત્ની હઝરત અસ્મા બિન્તે ઉમૈસ તેમના સ્વાગતની તૈયારીઓમાં વ્યસ્ત છે. તે રોટલી માટે લોટ ગૂંદીને રાખી ચૂક્યા હતા અને બાળકોને નવડાવીને તેલ વગેરે લગાવીને સ્વચ્છ કપડાં પહેરાવીને તૈયાર કરી ચૂક્યા હતા.

હઝરત અસ્મા રદિ. કહે છે:

"જ્યારે અલ્લાહના રસૂલ ﷺ મારે ત્યાં આવ્યા, તો મેં દુઃખ અને ઉદાસીની તે છાયાઓ આપના પવિત્ર ચહેરા પર ફેલાયેલી જોઈ લીધી જે આપના આંતરિક દુઃખની નિશાની હતી. આપને આ રીતે દુઃખી જોઈને મારા હૃદયમાં જુદા જુદા ભય અને શંકાઓ ઊઠી રહી હતી, પણ તે સમયે હું જાફર વિશે તેમને કોઈ સવાલ એટલા માટે પૂછવા માંગતી ન'હોતી કે ક્યાંક મને આપના પવિત્ર મોઢામાંથી કોઈ અપ્રિય વાત સાંભળવા ન મળે. આપે સલામ પછી મને ફરમાવ્યું કે 'જાફરના બાળકોને મારી પાસે લાવો. મેં તેમને અવાજ આપ્યો તો તેઓ ખુશીથી ચીસો પાડતા તેમની તરફ દોડી પડ્યા. તેઓ આપની પાસે પહોંચવા માટે એકબીજાને ધક્કા મારી રહ્યા હતા. તેમાંથી દરેક તે જ ઈચ્છતો હતો કે તે સૌથી પહેલાં આપની પાસે પહોંચી જાય. આપે તેમને પોતાની ભુજાઓમાં સમેટી લીધા, આપ તેમના પર ઝૂકી ગયા અને ચૂમવા લાગ્યા. તે સમયે આપની આંખોમાંથી બેહિસાબ આંસુઓ વહેતા હતા. જ્યારે મેં પૂછ્યું કે 'હે અલ્લાહના રસૂલ! ﷺ મારા માતા-પિતા આપ પર કુરબાન થાય. આપ કેમ રડી રહ્યા છો? શું આપની પાસે જાફર અને તેમના બંને સાથીઓ વિશે કોઈ અપ્રિય ખબર આવી છે? તો આપે ફરમાવ્યું કે "હા, આજે તે બધા શહીદ થઈ ગયા."

"તે સમયે જ્યારે નાના બાળકોએ પોતાની માતાને રડતા જોયા તો તેમના નિર્દોષ ચહેરાઓ પરથી હાસ્યની રેખાઓ ગાયબ થઈ ગઈ અને તે બધા પોતાની જગ્યા પર એવી રીતે ગતિહીન અને સ્થિર થઈ ગયા, જેમ કે તેમના માથા પર પક્ષીઓ બેઠા હોય. અને અલ્લાહના રસૂલ ﷺ પોતાના આંસુ લૂંછતા અને આ કહેતા પાછા ગયા:

"હે અલ્લાહ! જાફરના પછી તેના બાળકોની સંભાળ રાખજે. હે અલ્લાહ!..."

પછી ફરમાવ્યું કે "મેં જાફરને જન્નતમાં આ હાલતમાં જોયા છે કે તેમના બે પંખ છે જે લોહીથી રંગીન છે." •••

શફી મો. : ૯૩૨૭૦ ૧૧૭૮૯
ઓલવિશ મેન્સવેર
સંતોષકારક સિલાઈકામ માટે મળો.
૮, અદાણી ઉદય માર્કેટ, રતનપોળ, હાથીખાના, અહમદઆબાદ - ૩૮૦૦૦૧

મો. : ૯૩૨૭૦ ૧૧૭૮૯
શોએબ સિલેક્શન
એક્સક્લુઝીવ શુટિંગ, શર્ટિંગ
૪૪૫, બીજો માળ, સહજાનંદ માર્કેટ, પાનકોરનાકા, વૃન્દાવન માર્કેટની બાજુમાં, અહમદઆબાદ-૩૮૦ ૦૦૧.

### વાચકો જોગ સૂચના

જે વાચક મિત્રોનું શાહીન સાપ્તાહિકનું લવાજમ પૂરું થઈ ગયું હોય તેમને નમ્ર વિનંતી છે કે તેઓ નીચેના સરનામે મનીઓર્ડર અથવા ચેકથી લવાજમ મોકલી આપે.

બી-૪, કરિશ્મા કોમ્પ્લેક્ષ, સારણી સોસાયટી કોર્નર, ૧૩૨, ફૂટ રીંગ રોડ, જુહાપુરા, અહમદઆબાદ-૫૫.
ફોન: ૬૩૫૬૧૬૨૭૬૮

SHAHEEN WEEKLY
A/c. No. : 163110100013154
Bank : BOMBAY MERCANTILE CO-OP BANK LTD
IFSC Code : BMCB0000039
Affiliated : AXIS BANK LTD.
UPI ID: 6356162768@okbizaxis

# કર્મની યોગ્ય શિક્ષા..સજા કુદરતનો અટલ કાનૂન છે

**ભૂતકાળ કયારેય મરતો નથી.. એ અંજામના સ્વરૂપે પાછો આવે છે**

**"વરંગલના જાવેદાબેગમના એહસાસ"**

● રજૂ. : મુ. અમીન શેઠ - મોડાસા

માણસ પોતાની જાત પર લાગેલો સામાન્ય ઘા કે ડાઘ સહન કરી શકતો નથી..અને અકળાઈ ઊઠે છે..અને અમુક વખત એટલી હદે લાગણીશૂન્ય થઈ જાય છે કે પોતાના એવા ગુનાહ જે બોલતા પણ શરમ આવે,તેનો ઉલ્લેખ એવી રીતે કરે છે જાણે એણે ખૂબ મોટું પરાક્રમ કરી નાંખ્યું હોય!

એક પ્રભાવ અને પોઝીશન ધરાવતી વ્યક્તિ પોતાની મા ની લાશ ઘરડાંઘર (ઓલ્ડ એઈઝ હોમ)માંથી લઈ જતી વખતે એમ કહે છે કે..હું, મારી પત્ની અને મારા બાળકો આમની સેવા ન કરી શકયા પરંતુ ઘરડાંઘરવાળાઓએ મારી મા ની ખૂબ સારી સેવા કરી છે..

આ શબ્દો જયાં ઓલ્ડ એઈઝ હોમવાળાઓની સેવાની પ્રશંસા છે..ત્યાં આ દુર્ભાગીઓના દુર્ભાગ્યની ઘોષણા પણ છે કે જન્નતમાં લઈ જનારા માધ્યમને તેમણે વેડફી નાંખ્યું અને તેમનો એહસાસ સુદ્ધાં પણ તેમનામાંથી ખોવાઈ ગયો..

જો મનુષ્યમાં એહસાસ જ ન હોય તો જીભ ઉપર લાગણીના બે શબ્દો પણ કયાંથી આવે? સંતાનને મા-બાપના મહત્ત્વનો એહસાસ જ ન હોય તો આનાથી વધીને અફસોસની વાત બીજી કઈ હોઈ શકે?

મા-બાપ વિષે ઘણુંબધું લખવામાં, વાંચવામા અને સાંભળવામાં આવ્યું છે જે પછી આ વાત દાવા સાથે કહી શકાય છે કે ભાગ્યે જ કોઈ એવો હશે જે મા ની અઝમતથી વાકેફ નહીં હોય..ખાસ કરીને જયારે તે પોતે સંતાનવાળો બની જાય છે ત્યારે મા-બાપના સ્થાન અને સન્માનને પોતે સમજી જાય છે અને સમજી લેવું પણ જોઈએ જ..



પરંતુ આજના ભૌતિક વિચારોએ માણસને નાજુક લાગણીઓ અને એહસાસથી મુકત એવો ઇન્સાન બનાવી દીધો છે જે દુન્યવી સ્વાર્થ સિવાય બીજું કંઇ વિચારી શકતો જ નથી..અને આ ભૌતિક માનસ હોય છે જે મા-બાપને માત્ર જરૂરતની ચીજ સમજે છે..જેવી રીતે કોઈ ચીજ જરૂરત પૂરી થયા પછી નકામી સમજીને રદ્દીની ટોકરીમાં ફેંકી દેવામાં આવે છે એ રીતે ઘરડાં માબાપને ઓલ્ડ એઈઝ હોમમાં પહોંચાડી દેવામાં આવે છે..કેમકે હવે વૃદ્ધાવસ્થામાં તેમનાથી કોઈ દુન્યવી ફાયદો તો થવાનો નથી..

દુનિયાપરસ્તીએ એમને એ રીતે ગાફેલ કરી દીધા છે કે તેઓ ભૂલી જાય છે કે આખિરતની કાયમી સફળતા અને સમૃદ્ધિ મા-બાપ સાથે જોડાયેલી છે..

કુર્આને આંખો ધરાવતા જે આંધળાઓ વિષે વાત કરી છે તે આવા જ હોય છે, જેઓ બધું જોઈને,સમજીને,જાણીને પણ હકીકત તરફથી આંખો બંધ કરી દે છે..“બધું જ જાણું છું”નો અહંકાર તેમના અક્લનો મામલો બની જાય છે..જેના કારણે તેઓ વાસ્તવિકતા સમજવા જ નથી માંગતા! અને એ ગર્વમાં ગ્રસ્ત રહે છે કે અમારાથી તો ભૂલ થઈ શકતી જ નથી!

આજના યુગની એક સમસ્યાએ પણ છે કે દરેક એમ સમજે છે કે એ ઘણું બધું જાણે છે એટલે એને શિખામણની જરૂર નથી..જયારે કોઈ શિખામણથી જ કાન બંધ કરી લે તો પછી તેને વાત સમજાવવી અર્થહીન બની જાય છે..

વૃદ્ધાવસ્થામાં માણસ વધારે લાગણીશીલ બની જાય છે.તેની લાગણીને ઠેસ પહોંચે તો એને ખૂબ લાગી આવે છે..

અલ્લાહતઆલાએ પોતે મા-બાપની લાગણી અને એહસાસનો કેટલો બધો ખ્યાલ રાખ્યો છે..એ કહે છે : “મા-બાપને 'ઉફ' સુદ્ધાં ન કહો.. મા-બાપના સંબંધે આ વાત કેટલી મહત્વની છે કે અલ્લાહતઆલા એ પોતાના હક્ક પછી તરત જ મા-બાપના હક્કનો ઉલ્લેખ કર્યો છે..સૂર:બની ઇસરાઈલની ૨૪ મી આયત આ વાતની ભરપૂર પુષ્ટિ કરે છે..જે મા-બાપની સામે આપણને હંમેશાં ઝૂકેલા રહેવાની તાકીદ કરે છે..

અનેસંતાન! છાતીફુલાવીનેપોતાનો ફેંસલો સંભળાવી દે છે કે હવે તમારે અમારી મરજી અને અમારા કહેવા મુજબ જિંદગી ગુજારવાની છે..!!

માણસ દિવસમાં ઘણી વખત દર્પણમાં પોતાને જુએ છે,પોતાના વાળ ઓળે છે,ચહેરાને સજાવે છે..

પરંતુ કાશ! એ કયારેક પોતાના આ'માલના દર્પણમાં પોતાના અંતરમાં પણ ઝાંખીને જોઈ લેતો કે સમય તેની સાથે શું રમત રમી રહ્યો છે..જીવનની પચ્ચીસ કે ત્રીસ વરસની મુદ્દત દેખીતી રીતે લાંબી લાગે છે..પરંતુ વાસ્તવમાં પાંપણ ફરકતાં જ ગુજરી જાય છે..

અને પછી એ દિવસ પણ આવી જાય છે જયારે મનુષ્ય ઉંમરની એ અવસ્થામાં પહોંચી જાય છે જયારે આગળનો પડાવ કયાં તો ઘરડાંઘર હોય છે કયાં સીધી કબરની એકલતા..

શું એ જરૂરી નથી કે મનુષ્ય પોતાના વર્તન અને કાર્યપદ્ધતિ પર ફેરવિચારણા કરે? તેની સમીક્ષા કરે..

પરંતુ વાહ રે દુનિયા! લિજ્જતો અને જાહોજલાલીની એવી જાળ વણી લીધી છે અને એ જાળમાં એવો ફસાયો છે કે ન તો પોતાનામાંથી ફુરસદ છે ન પોતાના અંજામની ખબર છે!?

કબરના તદ્દન મોઢા પર ઊભા રહીને પણ તેને વિશ્વાસ નથી આવતો કે આ કબર જ તેનું ભાગ્ય છે .. **“અલહાકુમુત્તકાસૂર હત્તા ઝુરતુમુલમકાબિર”**

એ ખુશગુમાન અને પ્રલોભનની એવી સુંવાળી ચાદર ઓઢી લે છે કે જિંદગીને કાયમી અને મોતને વાર્તા સમજી બેસે છે..

કાશ! કોઈ હોય ..જે એને ઢંઢોળીને જગાડે અને તેને બતાવે કે આ પોતાની જાતને જ છેતરવાનો અમલ તેને કયા અંજામ ભણી લઈ જઈ રહ્યો છે?..કેમકે દરેક અમલ એક અંજામ હોય છે અને સમયની ખામોશ ક્ષણો અવાજ કર્યા વગર ચુપચાપ એની સાક્ષી હોય છે…

*(સામાહિક “દા'વત” ઉર્દૂ-૧૯ જુલાઈ૨૦૨૫ ના માધ્યમથી)*

# ઈસ્લામી ક્વિઝ

## ક્વિઝ નંબર : ૨૩૪

પ્ર.૧ કુર્આનમજીદને યાદ કરીને ભૂલી જવા સંબંધે હુઝૂર સ.અ.વ.નો શું ઈર્શાદ છે ?

પ્ર.૨ હુઝૂર સ.અ.વ. સૌ પ્રથમ કયા યુદ્ધમાં પોતાના કાકાઓ સાથે સામેલ થયા હતા ?

---

**ક્વિઝ નં. ૨૩૪ના જવાબો**

---

ઉ.૧ આપ સ.અ.વ.એ ફરમાવ્યું : મારી સમક્ષ મારી ઉમ્મતના ગુનાહ રજૂ કરવામાં આવ્યા. તેમાં સૌથી મોટો ગુનાહ કુર્આનને યાદ કર્યા પછી ભૂલી જવાનો ગુનાહ છે.

(૧) એવી વ્યક્તિનો હાથ કયામતના દિવસે કપાયેલો હશે.

(૨) એવી વ્યક્તિ કયામતના દિવસે રક્તપિત્તનો રોગી બનીને આવશે.

(૩) કુર્આનની રક્ષા કરો અને વારંવાર પઢો નહિંતર તમે ભૂલી જશો.

(૪) લોકો ! કુર્આનની ખબર રાખો, નહિંતર આ સીનામાંથી નીકળી જશે. ખુદાના સોગંદ ! જે રીતે રસ્સી ઢીલી થવાથી ઊંટ નીકળીને ભાગી જાય છે, એવી જ રીતે ગફલતના કારણે કુર્આન સીનામાંથી નીકળી જાય છે.

ઉ.૧ હર્બે (જંગે) ફુજ્જારમાં કે જ્યારે આપ સ.અ.વ.ની વય લગભગ પંદર (૧૫) વર્ષની હતી.

**એચ.એસ.હોટલવાલા : એસ.ટી.રોડ, અહમદઆબાદ.**

## વકફ કાયદા અંગે...

*(છેલ્લા પાનાનું ચાલુ)*

વકફ એકટને પડકારનારી અરજી દાખલ કરનાર એડવોકેટ અનસ તનવીરે કહ્યું : સુપ્રીમ કોર્ટે પ્રથમવાર(માં) અનુભવ્યું કે કેટલીક અનિવાર્યતાઓ પર સ્ટે મૂકવાનો પ્રથમ દષ્ટિમાં મામલો બને છે.

આશા રાખીએ કે ભવિષ્યમાં વકફ સુધારા એક્ટ ૨૦૨૫ અંગેની અન્ય બાબતો પણ વકફ બોર્ડ તથા અન્યો તરફથી ખૂબ જ તાર્કિક અને યોગ્ય રીતે રજૂઆત કરાતાં માન્ય સર્વોચ્ચ અદાલત (સુપ્રીમ કોર્ટ) ગંભીરતાપૂર્વક સાંભળશે અને ન્યાયી ચુકાદો આપશે.

સેલ... સેલ... સેલ... ૫૦% લેસ
રેમન્ડ, રેડ એન્ડ ટેલર, દિનેશ, દિગ્જામ
લીનન તથા કોટન પેન્ટ પીસ ૩ ફકત ૧૨૦૦/-ને વધુ
કોટન શર્ટ પીસ ૩ ફકત રૂા.૭૫૦/- ● શર્ટપીસ-૩ ફકત રૂા.૬૦૦/-
સેલ ફકત રમઝાન માટે ● પ્રખ્યાત મીલના પેન્ટપીસ-૩ ફકત રૂા.૭૫૦/-
પઠાણીનો ૬ મીટર કટ ફકત રૂા.૩૬૦/- ને વધુ
યુનિટ ક્લોથ સેન્ટર
પ્રખ્યાત મિલોની જોડી ફકત રૂા.૨૫૦/- અને વધુ
૮૩, આનંદ શોપિંગ સેન્ટર ન્યુ હાઈસ્કૂલ સામે, રતનપોળ, અહમદઆબાદ. રવિવારે ચાલુ

જેણે પોતાના મનને સાફ કર્યું એ સફળ થઈ ગયો. અને ન કર્યું એ નિષ્ફળ થયો. (સૂર:અશ્ શમ્સ આયત ૯-૧૦)
સરકાર માન્ય BIS Approved હોલમાર્ક જ્વેલર્સ


અલ-મદની જ્વેલ્સ
(માણેકચોકવાળા)
સોના-ચાંદીના દાગીનાનો અદ્યતન શો-રૂમ
એ-૨૮, રોયલ નવાબ એવન્યુ, મોતી બેકરી પાસે, જુહાપુરા-સરખેજ રોડ, અમદાવાદ. ફોન : ૦૭૯ - ૨૯૮૨૩૧૨૩ મોબાઈલ : ૮૮૬૬૦ ૫૦૧૨૩

# હઝરત જાફર બિન અબી તાલિબ

રદિયલ્લાહુ તઆલા અન્હુ

રોશનીના મીનાર

ડો. અબ્દુર્રહમાન રફત પાશા

(ગતાંકથી ચાલુ...)

હઝરત ઉમ્મે સલમા કહે છે:

"આ સમયે નજ્જાશીએ જાફર બિન અબી તાલિબ તરફ ધ્યાન આપીને પૂછ્યું કે 'તમારા પયગમ્બર અલ્લાહ તરફથી જે સંદેશ લાવ્યા છે, શું તેમાંથી કંઈ તમારી પાસે છે?"

તેમણે જવાબ આપ્યો: "હા."

"તે મને સંભળાવો," નજ્જાશીએ કહ્યું.

આથી હઝરત જાફરે સૂરઃ મરયમની આયતો વાંચવાનું શરૂ કર્યું:

"કાફ-હા-યા-ઐન-સાદ, વર્ણન છે તે કૃપાનું જે તારા રબે (માલિક અને પાલનહારે) પોતાના બંદા ઝકરિયા પર કરી હતી, જ્યારે તેણે પોતાના રબને ચુપચાપ પોકાર્યો. તેણે નિવેદન કર્યું, હે પાલનહાર! મારા હાડકાં સુદ્ધાં ક્ષીણ થઈ ગયાં છે અને માથું વૃદ્ધત્ત્વથી સફેદ થઈ ગયું છે. હે પાલનહાર! હું ક્યારેય તારા પાસે દુઆ માગીને નિરાશ નથી થયો."

અહીં સુધી કે તેમણે સૂરઃ મરયમનો શરૂઆતનો ભાગ પૂર્ણ કરી લીધો.

હઝરત ઉમ્મે સલમા વર્ણન ચાલુ રાખતાં કહે છે:

"અલ્લાહના શબ્દો સાંભળીને નજ્જાશી એટલો પ્રભાવિત થયો કે ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો, અહીં સુધી કે રડતાં રડતાં તેની દાઢી આંસુઓથી ભીંજાઈ ગઈ. તેની સાથે તેના દરબારીઓ પણ રડી રહ્યા હતા. તેઓ પણ એટલું રડ્યા કે તેમના પુસ્તકો આંસુઓથી ભીંજાઈ ગયા. ત્યારબાદ નજ્જાશીએ અમને કહ્યું કે આ શબ્દો જે તમારા પયગમ્બર પર ઊતર્યા છે અને તે શબ્દો જે ઈસા લાવ્યા હતા, બંને એક જ નૂરના કિરણો છે.

"પછી તેણે અમ્ર બિન આસ અને તેના સાથીને સંબોધિત કરીને કહ્યું: 'તમે લોકો પાછા જતા રહો. અલ્લાહની કસમ, હું તેમને ક્યારેય તમારા હવાલે કરી શકતો નથી."

———————

હઝરત ઉમ્મે સલમા કહે છે:

"જ્યારે અમે લોકો નજ્જાશીના દરબારમાંથી બહાર નીકળ્યા, તો અમ્ર બિન આસે અમને લોકોને ધમકી આપતાં પોતાના સાથીને કહ્યું:

"અલ્લાહની કસમ! હું કાલે ફરી રાજા પાસે આવીશ અને તેને આ લોકો વિશે એક એવી વાત જણાવીશ જે તેના મનને તેમના વિરુદ્ધ ગુસ્સાથી અને તેના હૃદયને નફરત અને ઘૃણાથી ભરી દેશે. હું તેને આ વાત માટે તૈયાર કરીશ કે તે સંપૂર્ણપણે તેમનો નાશ કરી દે અને તેમને જડમૂળથી ઉખાડી ફેંકે."

આના પર અબ્દુલ્લાહ બિન રબીઆએ કહ્યું:

"અમ્ર! અલ્લાહ ખાતર આવું ન કર. આ બધા જો કે અમારા વિરોધી છે, પણ છે તો અમારા નજીકના સગા જ."

પણ અમ્ર બિન આસે ઈન્કાર કરતાં કહ્યું:

"આ વાત છોડો... હું રાજાને એવી વાત જણાવીશ જેના કારણે તેમના પગ નીચેથી જમીન ખસી જશે... અલ્લાહની કસમ! હું તેને કહીશ કે ઈસા બિન મરયમ વિશે આ લોકોનું માનવું છે કે તે અલ્લાહના દીકરા નથી પણ તેના બંદા છે."

અને બીજા દિવસે અમ્ર બિન આસે નજ્જાશીના દરબારમાં હાજર થઈને કહ્યું:

"આલી જનાબ! આ લોકો જેમને તમે તમારે ત્યાં આશ્રય આપ્યો છે અને જેમને તમે તમારી સુરક્ષાનો પડછાયો પૂરો પાડ્યો છે, આ લોકો ઈસા બિન મરયમ વિશે ખૂબ જ સખત અને અત્યંત અપ્રિય વાત કહે છે. તમે તેમને બોલાવો અને તે વાત પર તેમની પૂછપરછ કરો જે તેઓ ઈસા બિન મરયમ વિશે કહે છે."

હઝરત ઉમ્મે સલમાનું વર્ણન આગળ વધે છે.

"અમને આ વાતની જાણ થઈ તો અમને તેની મોટી ચિંતા થઈ અને અમે લોકો દુઃખથી હતાશ થઈ ગયા. પછી અમે આ મુદ્દા પર વિચાર કરવા માટે એક આપસી સલાહ-મસલતની સભા બોલાવી કે જો રાજાએ ઈસા બિન મરયમ વિશે પૂછ્યું તો આપણે શું જવાબ આપવો જોઈએ. અંતે આ વાત નક્કી થઈ કે આપણે તેમના વિશે તે જ વાત કહીશું જે અલ્લાહ તઆલાએ અમને જણાવી છે. આ મામલામાં આપણે અલ્લાહના રસૂલ ﷺ દ્વારા લાવવામાં આવેલા શિક્ષણથી જરા પણ વિચલિત થઈશું નહિ, ભલે તેના પરિણામે આપણું જે પણ થાય. અમે આ વાત પણ સર્વસંમતિથી નક્કી કરી કે રાજાની સામે આ વખતે પણ જાફર બિન અબી તાલિબ જ આપણું પ્રતિનિધિત્વ કરશે."

પછી જ્યારે રાજાના બોલાવવા પર અમે તેના દરબારમાં પહોંચ્યા, તો જોયું કે તેના દરબારીઓ આજે પણ નિયમ મુજબ અને ક્રમ અનુસાર પોતપોતાની જગ્યાઓ પર બેઠા છે. અમે અમ્ર બિન આસ અને તેના સાથીને પણ રાજાની પાસે હાજર જોયા. જ્યારે અમે રાજાની સામે પહોંચી ગયા, તો તેણે વાતચીત શરૂ કરતાં કહ્યું:

"તમે લોકો ઈસા બિન મરયમ વિશે શું કહો છો?"

"તેમના વિશે અમે તે જ વાત કહીએ છીએ જે અમારા પયગમ્બરે અમને જણાવી છે," હઝરત જાફરે જવાબ આપ્યો.

"તેઓ તેમના વિશે શું કહે છે?" નજ્જાશીએ પૂછ્યું.

તેઓ કહે છે, હઝરત જાફરે કહ્યું કે, "તેઓ અલ્લાહના બંદા, તેના રસૂલ, તેની રૂહ અને તેનો શબ્દ છે જેને તેણે કુંવારી મરયમ બતૂલ (ખૂબ પવિત્ર) તરફ ઉતાર્યો હતો."

હઝરત જાફરની આ વાત સાંભળીને નજ્જાશીએ પોતાના હાથને જમીન પર મારતાં કહ્યું:

"અલ્લાહની કસમ! ઈસા બિન મરયમ વિશે તમારા પયગમ્બરે જે વાત જણાવી છે, તેમનું સ્થાન એક વાળ બરાબર પણ તેનાથી વધુ નથી."

નજ્જાશીના મોઢામાંથી આ વાતો સાંભળીને તેની પાસે બેઠેલા દરબારીઓ ગુસ્સાથી ક્રોધે ભરાયા અને ફુત્કાર મારવા લાગ્યા. તેમની આ હાલત જોઈને નજ્જાશીએ ફરી કહ્યું:

"ભલે તમે લાખ ફુત્કાર મારો, પણ વાસ્તવિકતા તે જ છે જે હું કહી રહ્યો છું."

પછી તેણે અમારી તરફ ફરીને કહ્યું:

"જાઓ, તમે લોકો નિર્ભય અને શાંતિ સાથે રહો. જે વ્યક્તિ પણ તમને ગાળ આપશે અથવા ખરાબ કહેશે, તેને દંડ ભરવો પડશે અને જે તમારી સાથે કોઈ પણ પ્રકારનો દુર્વ્યવહાર કરશે, તેને સજા ભોગવવી પડશે. અલ્લાહની કસમ! મને તો આ પણ મંજૂર નથી કે તમારામાંથી કોઈને કોઈ તકલીફ પહોંચાડવામાં આવે અને તેના બદલે મને સોનાનો પહાડ મળી જાય."

પછી તેણે અમ્ર બિન આસ અને તેના સાથી તરફ ઈશારો કરતાં પોતાના માણસોને આદેશ આપ્યો:

"તેમની ભેટો તેમને પાછી આપી દો. મને તેની કોઈ જરૂર નથી."

હઝરત ઉમ્મે સલમા પોતાની કથાનો છેલ્લો પાનો ફેરવે છે:

"ત્યારબાદ અમ્ર બિન આસ અને અબ્દુલ્લાહ બિન રબીઆ ત્યાંથી નિરાશ થઈને પાછા ફર્યા અને અમે લોકો સન્માન અને આરામ સાથે નજ્જાશીના ત્યાં રહેવા લાગ્યા."

———————

હઝરત જાફર બિન અબી તાલિબે ખૂબ જ શાંતિ અને સુકૂન સાથે નજ્જાશીના ત્યાં દસ વર્ષ વિતાવ્યા પછી, હિજરી સાતમા વર્ષમાં મુસ્લિમોના એક સમૂહ સાથે હબ્શા છોડીને યસ્રિબ (મદીના) તરફ પ્રયાણ કર્યું. બીજી તરફ, અલ્લાહના રસૂલ ﷺ ખૈબરની જીતથી પરત ફરીને મદીના પહોંચ્યા જ હતા કે હબ્શાથી હિજરત કરનારાઓનો આ કાફલો પણ હઝરત જાફરના નેતૃત્વમાં ત્યાં પહોંચી ગયો. આપે તેમને જોઈને ખૂબ ખુશ થયા અને પોતાની ખુશી આ શબ્દોમાં વ્યક્ત કરી:

"મને ખબર નથી કે બંનેમાંથી કઈ વાતની મને વધુ ખુશી છે, ખૈબરની જીતની કે જાફરના આગમનની."

અને તેમની વાપસી પર મુસ્લિમો, ખાસ કરીને તેમાંથી ગરીબો અને મિસ્કીનોની ખુશી અલ્લાહના રસૂલ ﷺની ખુશીથી કોઈ રીતે ઓછી ન'હોતી. કારણ કે તેઓ નબળા, અશક્ત અને જરૂરિયાતમંદો સાથે ખૂબ જ દયા અને સારો વ્યવહાર કરતા હતા. અને આ જ કારણે લોકો તેમને "અબુલ મસાકીન" (ગરીબોના પિતા)ના ઉપનામથી યાદ કરતા હતા. તેમના વિશે હઝરત અબૂ હુરૈરહ રદિ.નું કથન છે:

"અમો ગરીબોના હકમાં જાફર બિન અબી તાલિબ સૌથી સારા હતા. તેઓ અમને પોતાના ઘરે લઈ જતા અને જે કંઈ પણ તેમની પાસે હોય, તે અમને ખવડાવતા. અહીં સુધી કે જો ખાવાની વસ્તુ ખતમ થઈ જતી તો તેઓ ઘી રાખેલું ખાલી વાસણ અમારા આગળ રાખી દેતા, જેને ફાડીને અમે પણ ઘીની તે મામૂલી માત્રા પણ ચાટી લેતા જે તેની અંદરની દીવાલ પર ચોંટેલી હતી."

———————

મદીના મુનવ્વરામાં હઝરત જાફર બિન અબી તાલિબનો રહેવાનો સમય ખૂબ જ ટૂંકો રહ્યો. કારણ કે આઠમી હિજરીની શરૂઆતમાં અલ્લાહના રસૂલ ﷺએ બિલાદ-એ-શામમાં રોમનો સામે લડાઈ માટે એક સૈન્ય તૈયાર કર્યું અને આ સૈન્યનું નેતૃત્વ હઝરત ઝૈદ બિન હારિસહ રદિ.ના હવાલે કરતાં ફરમાવ્યું:

"જો ઝૈદ બિન હારિસહ શહીદ થાય અથવા ઘાયલ થાય, તો સૈન્યની કમાન જાફર બિન અબી તાલિબના માથે રહેશે. જો જાફર પણ શહીદ થાય અથવા ઘાયલ થાય, તો અબ્દુલ્લાહ બિન રવાહા સેનાપતિ બનશે. પરંતુ જો અબ્દુલ્લાહ બિન રવાહા પણ યુદ્ધમાં શહીદ થઈ જાય અથવા તે ઘાયલ થાય, તો મુસ્લિમો પોતે પોતાનામાંથી કોઈને પોતાનો સેનાપતિ બનાવી લે."

———————

જ્યારે મુસ્લિમો મૂતા પહોંચ્યા જે જોર્ડનમાં શામના ઉપરના ભાગમાં સ્થિત છે, તો તેમણે જોયું કે તેમની સામે એક લાખ સૈનિકોની બનેલી એક જબરદસ્ત રોમન સેના તૈયાર ઊભી છે અને તેની મદદ માટે ખ્રિસ્તી અરબોએ વધુ એક લાખની મોટી સંખ્યા એકઠી કરી રાખી છે, જેમાં લખમ, જુઝામ અને કઝાઆહ વગેરે ખ્રિસ્તી કબીલાઓના યોદ્ધાઓ સામેલ છે. આ બે લાખના વિશાળ સૈન્યનો મુકાબલો કરનાર મુસ્લિમોનું સૈન્ય ફક્ત ત્રણ હજાર મુજાહિદોનું બનેલું હતું.

અંતે, જ્યારે બંને સૈન્યો વચ્ચે મુકાબલો થયો અને યુદ્ધની ઘંટી પોતાની પૂરી ઝડપથી ચાલવા લાગી, તો હઝરત ઝૈદ બિન હારિસહ બહાદુરીથી લડતાં શહીદ થઈ ગયા. તેમના પછી હઝરત જાફર બિન અબી તાલિબ પોતાની ઘોડી (શકરા) પરથી કૂદી પડયા. પછી તેમણે તલવારથી તેની ટાંગો કાપી નાખી જેથી તેમના પછી દુશ્મન તેનો ફાયદો ઉઠાવી ન શકે અને ધ્વજ લઈને આ 'રજઝ' (યુદ્ધ ગીત) ગાતા ગાતા દુશ્મનની પંક્તિઓમાં દૂર સુધી ઘૂસી ગયાઃ

(અનુસંધાન બીજા પાને)

TWIST
MAKERS OF PLASTIC MACHINERIES
મોહંમદ ઝાહિદ અન્સારી : ૯૮૨૫૦૨૮૪૧૮
મોહંમદ શાહિદ અન્સારી : ૯૮૯૮૦૨૮૪૧૮
ટ્વીસ્ટ એન્જીનીયરીંગ વર્કસ
પ્લાસ્ટીક એક્ષટ્રુશન પ્લાન્ટ
મેન્યુફેક્ચરર એન્ડ એક્સપોર્ટર
૪૪૧૦, ફેઝ-૪, જી.આઈ.ડી.સી., ઇન્ડોજર્મન ટુલ રૂમ પાછળ, ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, વટવા, અહમદાબાદ. ફોન : ૦૭૯-૨૫૮૪૨૮૭૮
E-mail : twistew@gmail.com

સાપ્તાહિક શાહીન
www.shaheenweekly.com
shaheenweekly.info@gmail.com
@ShaheenViewsWeekly
લેખકના વિચારોથી ટ્રસ્ટ અથવા સંપાદક મંડળનું સહેમત હોવું જરૂરી નથી.
વાર્ષિક લવાજમ : રૂા.૩૦૦ - ત્રિ વાર્ષિક રૂા.૭૫૦
ઓફિસ સમય: ૧૧ થી ૬ • મો: ૬૩૫૬૧૬૨૭૬૮

૧૦૦% શુધ્ધ કલૌંજીનું તેલ


કોન્ટેક્ટ નંબર
અહમદઆબાદ: ૦૭૯-૨૬૬૫૦૭૪૧
સૂરત : ૯૭૨૬૧૫૫૫૪૪
બેંગ્લોર : ૯૫૯૧૩૭૩૮૯૪

# "હઝરત મુહમ્મદ ﷺ પવિત્ર પરિવર્તનના પથદર્શક" અભિયાનનો ભવ્ય સમાપન કાર્યક્રમ

## સાંપ્રત સમસ્યાઓના નિરાકરણ માટે હઝરત મુહમ્મદ ﷺનો સંદેશ આશાનું કિરણ : ડો. સલીમ પટીવાલા



અહમદાબાદઃ હઝરત મુહમ્મદ ﷺ પવિત્ર પરિવર્તનના પથદર્શક અભિયાનના ૧૪ સપ્ટેમ્બરના સમાપન કાર્યક્રમનો પ્રારંભ કારી અશફાક સાહેબના પવિત્ર કુર્આનની તિલાવતથી થયો હતો. ત્યારબાદ મરિયમ શકીલ અહમદે જ્યોતિ રાવ ફુલે લખિત સુંદર નાત શરીફનું પઠન કર્યું હતું. તેનાં પછી શકીલ અહમદ રાજપૂતે પ્રાચીન અને સાંપ્રત યુગની સમસ્યાઓની સરખામણી કરતાં જણાવ્યું કે ૧૫૦૦ વર્ષ પહેલા જે રીતે આપ ﷺની શિક્ષાઓ વડે માનવીય સમસ્યાઓનું નિરાકરણ આવ્યું હતું. તે જ રીતે આજે પણ સાંપ્રત સમસ્યાઓનું નિરાકરણ લાવી શકાય છે.

ત્યાર પછી ચાવીરૂપ સંબોધન કરતાં જમાઅતે ઈસ્લામી હિંદ ગુજરાતના અમીર (પ્રમુખ) ડો. સલીમ પટીવાલાએ જણાવ્યું હતું કે જીવનના દરેક ક્ષેત્રમાં દુનિયામાં એક જ સફળ વ્યક્તિત્વ છે, જેના અનુકરણમાં જ સફળતા રહેલી છે. આપે વધુમાં જણાવ્યું કે સાંપ્રત સમસ્યાઓના નિરાકરણ માટે હઝરત મુહમ્મદ ﷺનો સંદેશ આશાનું કિરણ છે.

ત્યારબાદ બૌદ્ધ ધર્મગુરુ ભીખાભાઈ અમીને સંવિધાનિક મૂલ્યો પર ભાર મૂકતાં સામાજિક સૌહાર્દની વાત કરી હતી. જમાઅતે ઈસ્લામી હિંદ, ગુજરાત મહિલા વિભાગના સેક્રેટરી શાઝિયા શેખે પોતાની સુંદર શૈલીમાં ઈસ્લામમાં ન્યાય, સમાનતા અને મહિલા અધિકારોની વિસ્તારપૂર્વક ચર્ચા કરી હતી. હોઝે ઈલમિયાના મૌલાના અખ્તર રિઝવી સાહેબે તેમની પ્રભાવકારી શૈલીમાં હઝરત મુહમ્મદ ﷺની પ્રાસંગિકતા રજૂ કરી હતી. ત્યારબાદ પારસી પ્રિસ્ટ અર્વદ ખુશરૂ ઘડિયાલીએ પ્રસંગને અનુરૂપ તેમનું વક્તવ્ય રજૂ કર્યું હતું. GIO ગુજરાતના વાઈસ પ્રેસિડેન્ટ અસમા અન્સારીએ છોકરીઓને તેમના સર્વાંગી વિકાસ માટે વિદ્યાર્થિની સંગઠન GIO સાથે જોડાવાનું આહ્વાન કર્યું હતું.

અભિયાન દરમિયાન યોજવામાં આવેલી ક્વિઝ સ્પર્ધામાંઃ પ્રથમ ઈનામ અહમદાબાદની આફિયા શાહિદ મલિક, બીજું ઈનામ પ્રાંતીજની ફરઝીનબેગમ દલાલ, ત્રીજું ઈનામ પોશીનાની આયેશા મહબૂબભાઈ મેમણને મળ્યું હતું. અનુક્રમે દસ હજાર, સાત હજાર અને પાંચ હજાર રૂપિયા સાથે ટ્રોફી અને પુસ્તકો આપવામાં આવ્યા હતા. તેઓ ઉપરાંત શાકિર દોલતી, બશીર મુહમ્મદ મેમણ, સારાહ અજમેરી, અનસ શેખ, સના હનીફભાઈ, ફાતેમા મેમણ, હનાન સાચોરા, મિસબાહ સાચોરા, હલીમા મેમણ અને શોકત દોલતીને એક હજાર રૂપિયા તથા પુસ્તકો ભેટમાં આપવામાં આવ્યા હતા.

અંતમાં જનાબ વાજિદ કાદરી સાહેબે અધ્યક્ષીય પ્રવચન આપ્યું હતું. આપે વિવિધ દાખલાઓ ટાંકતાં જણાવ્યું કે હઝરત મુહમ્મદ ﷺએ માત્ર સિદ્ધાંતો જ આપ્યા નહિ, પરંતુ વ્યવહારમાં લાવીને બતાવ્યા. આપ ﷺ એ કુર્આનના શિક્ષણ વડે નાની બાબતે યુદ્ધ કરનારા અભણ અને અસભ્ય સમાજને દુનિયાના શાસક બનાવી દીધા. વધુમાં જણાવ્યું કે ઈસ્લામનો ફેલાવો તલવારથી નહીં, પરંતુ તેની શ્રેષ્ઠ શિક્ષાઓ અને નૈતિકતાના કારણે થયો છે.


આભારવિધિ અબ્દુર્રઝ્ઝાક શેખે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મૌલાના અબ્દુર્રહમાન ફલાહીએ સુંદર રીતે કર્યું હતું.

Irfan Memon
Riyaz Memon
We give the purity GOLD, SILVER & DIAMOND
98246 41965
Latest Gold, Silver, Real Diamond Jewellery Showroom in the Heart of Juhapura

ALIF GOLD PALACE
9/10, Ground Floor, Classic Heights. Bs.Alif Silver & Diamond, Juhapura, Sarkhej Road, Ahmedabad-380055
ALIF SILVER & DIAMOND
LADIES REAL DIAMOND RING & ORNAMENTS
₹ 6000/- Starting

6/7, Ground Floor, Classic Heights. Bs.Alif Gold Palace, Juhapura, Sarkhej Road, Ahmedabad-380055

# વકફ કાયદા અંગે સુપ્રીમ કોર્ટનો મોટો નિર્ણય, કેટલીક કલમો પર સ્ટે




નવી દિલ્હી, વકફ એકટ અંગે સુપ્રીમ કોર્ટે તા. ૧૫મી સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ એક મોટો ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે વચગાળાનો ચુકાદો સંભળાવતાં કહ્યું કે સંપૂર્ણ વકફ કાયદા ઉપર તો પ્રતિબંધ તો મૂકી શકાય તેમ નથી. હાલમાં સુપ્રીમ કોર્ટે ફક્ત કેટલીક કલમો ઉપર જ પાબંદી મૂકી છે. અદાલતે કહ્યું કે વકફ બોર્ડમાં ત્રણથી વધુ બિન-મુસ્લિમ સભ્ય હોવા ન જોઈએ, અને જ્યાં સુધી શક્ય હોય બોર્ડનો CEO મુસ્લિમ હોવો જોઈએ.

વકફ એક્ટને લઈને દાખલ કરવામાં આવેલ વિવિધ અરજીઓની સુનાવણી દરમ્યાન CJI માનનીય બી. આર. ગવઈએ કહ્યું કે અમે દરેક સેકશનને આપવામાં આવેલ પડકારો પર વિચાર કર્યો છે. અમે જોયું કે કાયદાના સંપૂર્ણ અનિવાર્યતા ઉપર પ્રતિબંધ મૂકવાની કોઈ બાબત નથી જણાતી. અલબત્ત કેટલાક સેકશનને રક્ષણ આપવાની આવશ્યકતા છે. વકફના વિવાદ અંગે સુપ્રીમ કોર્ટે કહ્યું કે કાયદા ઉપર સ્ટે ફક્ત અત્યંત રેર ઓફ ધ રેર બાબતોમાં જ લગવી શકાય છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે અમે આ પણ માનીએ છીએ કે સ્ટેટ વકફ બોર્ડમાં ૩ થી વધુ બિન-મુસ્લિમ સભ્યો હોવા ન જોઈએ, અને સેન્ટ્રલ વકફ બોર્ડમાં કુલ મળીને ૪ થી વધુ બિન-મુસ્લિમ સભ્યો હોવા ન જોઈએ.

સુપ્રીમ કોર્ટે વકફ સુધારણા એક્ટ ૨૦૨૫ની એ જોગવાઈ પર સ્ટે આપી દીધો છે કે જેના હેઠળ વકફ બનાવવા માટે કોઈ વ્યક્તિએ ૫ વર્ષ સુધી ઈસ્લામનો અનુયાયી હોવું જરૂરી હતું. સુપ્રીમ કોર્ટે કહ્યું કે આ વ્યવસ્થા ત્યાં સુધી રદ રહેશે જ્યાં સુધી આ નક્કી નથી થઈ જતું કે કોઈ વ્યક્તિ ઈસ્લામનો અનુયાયી છે કે નહીં.

સુપ્રીમ કોર્ટે વકફ (સુધારણા) એકટ ૨૦૨૫ના તમામ આરોપો પર સ્ટે આપવાનો ઈન્કાર કરતાં કહ્યું કે એમાંથી કેટલીક કલમોને સુરક્ષિત કરવાની જરૂરત છે.

(અનુસંધાન છઠ્ઠા પાને)



ઈલ્યાસ પિસુવાલા
M.: 09825020386
M.: 09925020386
હમદુભાઈ મોમીનભાઈ ગ્રાન્ડ સન્સ
લગ્ન તથા શુભ પ્રસંગે ફેન્સી થાળ, મેલેમાઇન બ્રાસ, કોકરી તથા ફેન્સી ડેકોરેટીવ વસ્તુ ભાડે આપનાર
હેડ ઓઃ 39, શીતલ એસ્ટેટ, સરખેજ રેલ્વે ક્રોસીંગ પાસે, સરખેજ, અહમદાબાદ - 382210
બ્રાન્ચ ઓઃ 86, વૃદાંવન ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, અંજાના ફાર્મ, સુરત
નોંધઃ વધુ જાણકારી માટે વેબસાઈટ જુઓ.
E-mail : info@ilyashamdubhai.com • Website : www.ilyashamdubhai.com

Printed and Published : **ANSARI MOHAMMAD KALIM MOHAMMAD SULEMAN on behalf of ISLAMI SAHITYA PRAKASHAN** and printed at Unique Offset Nobatsinh Ruparam Estate, Near Punjab National Bank, Tavdipura, Dudheshwar, Ahmeabad-380 004 and published from B/4, 4th Floor, Karishma Complex, 132 Ft. Ring Road, Sarni Society Corner, Jhuhapura, Ahmedabad -380 055 • **Editor -ANSARI MOHAMMAD KALIM MOHAMMAD SULEMAN.**